વર્ષ : ૪ ● અંક : ૧૧ ● ● તા. ૧૬-૧૧-૧૯૯૩ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## असंविभागी न हु तस्स मोक्खो

**—ભગવાન મહાવીર**

## [અસંવિભાગીનો મોક્ષ નથી]

સમ એટલે સરખા; વિભાગી એટલે ભાગ કરનાર. અસંવિભાગી એટલે સરખા ભાગ ન કરનાર, સરખી વહેંચણી ન કરનાર.

ભગવાન મહાવીરે કહ્યું છે કે જે સંવિભાગી નથી અર્થાત્ જે પોતાનાં ધનસંપત્તિ વગેરે ભોગસામગ્રીમાંથી બીજાને સરખું વહેંચતો નથી તેવો માણસ ક્યારેય મોક્ષગતિ પ્રાપ્ત કરી શકતો નથી. ભગવાને શબ્દ પણ સંવિભાગ પ્રયોજ્યો છે, જે અર્થસભર છે. પોતાની લાખો કરોડોની ધનદોલતમાંથી માત્ર બે પાંચ રૂપિયાની કોઈને મદદ કરવી એ સંવિભાગ નથી. ઉચિત હિસ્સો એ સંવિભાગ છે.

કેવી કેવી વ્યક્તિઓ મોક્ષની અધિકારી નથી બની શકતી એ માટે ભગવાન મહાવીરે કહેલું વચન દસવૈકાલિક સૂત્રમાં નીચે પ્રમાણે આપવામાં આવ્યું છે :

> ये यावि चंडे मइइड्ढिगारवे
> पिसुणे नरे साहस हीणपेसणे ।
> अदिट्ठधम्मे विणए अकोविए
> असंविभागी न हु तस्स मोक्खो ॥

[જે માણસ ક્રોધી હોય, બુદ્ધિમાં તથા ઋદ્ધિમાં આસક્ત હોય અને એનો ગર્વ કરનારો હોય , ચાડીચુગલી કરનારો હોય, અવિચારી સાહસ કરનારો હોય, હીન લોકોને સેવનારો હોય, અધર્મી હોય, અવિનયી હોય અને અસંવિભાગી હોય તેને મોક્ષ પ્રાપ્ત થતો નથી.]

અસંવિભાગીનો માત્ર સાદો શબ્દાર્થ લઈએ તો તેનો અર્થ થાય છે કે જે સરખા ભાગ પાડતો નથી. વેપારધંધામાં કે માલમિલકતમાં વહેંચણી વખતે ભાગીદારો, સાથીઓ, કુટુંબના સભ્યો વગેરે માટે જે સરખા ભાગ પાડતો નથી અને કપટભાવથી, લુચ્ચાઈથી, સ્વાર્થદૃષ્ટિથી નાનામોટા ભાગ પાડે છે તે પણ અસંવિભાગી કહેવાય છે. એવા માણસો પક્ષપાત અને અન્યને અન્યાય કરવાનું પાપ બાંધે છે. આવા સ્વાર્થી, પક્ષપાતી,લુચ્ચા, અન્યાય કરનારા, દંભી, અસત્યવાદી માણસોનો મોક્ષ નથી એ તો સ્પષ્ટ છે. પરંતુ અહીં અસંવિભાગી શબ્દનો માત્ર શબ્દાર્થ જ નથી લેવાનો. અહીં એ શબ્દ વિશાળ દૃષ્ટિથી અને વિશિષ્ટ હેતુથી પ્રયોજાયો છે. ભગવાને કહ્યું છે કે જે પોતાના ધનદોલતમાં સ્વેચ્છાએ સમાજના જરૂરિયાતમંદ માણસોનો ઉચિત હિસ્સો રાખતો નથી તેનો મોક્ષ નથી.

જે વ્યક્તિ હિંસા આચરે, અસત્ય બોલે, ક્રોધ કરે, અભિમાન કરે, અવિનયી હોય, નિંદક હોય તેવી વ્યક્તિ મોક્ષગતિ ન પામી શકે એ તો જાણે સમજી શકાય તેવી વાત છે. સંયમ અને સદાચાર વિના જીવની ઉર્ધ્વગતિ થતી નથી. જે વ્યક્તિ પાપાચરણમાં તીવ્ર રસ લે છે તે વ્યક્તિ ઘણાં ભારે કર્મો બાંધે છે અને જ્યાં સુધી તેવાં કર્મનો ક્ષય થતો નથી ત્યાં સુધી સંસારમાંથી તેને મુક્તિ પ્રાપ્ત થતી નથી. પરંતુ અસંવિભાગી વ્યક્તિને મોક્ષ નથી એમ કેમ કહેવાય ? આવો પ્રશ્ન થવો સ્વભાવિક છે, કારણ કે અસંવિભાગી બીજું કંઈ પાપ તો કરતો દેખાતો નથી.

અસંવિભાગી વ્યક્તિનો મોક્ષ નથી એવો વિચાર તાત્કાલિક કદાચ કોઈકને આશ્ચર્ય ઉપજાવે એવો છે. માણસ પોતાનાં ધન સંપત્તિમાંથી ભેટ કે દાન રૂપે બીજાને કશું ન આપે તો તેમાં એવો ક્યો મોટો અનર્થ થઈ જાય છે એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. માણસને પોતાની આજીવિકા સંપૂર્ણપણે પોતાને જ ભોગવવાનો કાયદેસર હક્ક છે. વળી એવો હક્ક હોવો પણ જોઈએ એમ કોઈ માને તો તે માન્યતા લોકોમાં વ્યાજબી ગણાય છે, કારણકે પોતાની ધનસંપત્તિ પોતે ભોગવવી એમાં કશું ગેરકાયદેસર નથી. આ વિચાર પ્રથમ દૃષ્ટિએ કદાચ સાચો ભાસે તો પણ તે યથાર્થ નથી એમ જરા ઊંડાણથી વિચારતાં સમજાશે. માણસ જે અર્થોપાર્જન કરે છે તેમાંથી સીધી કે આડકતરી રીતે રાજ્યસરકારના કરવેરા દ્વારા કેટલીક રકમ તો અવશ્ય ચાલી જ જાય છે. રાજ્ય વ્યવસ્થા માટે તે અનિવાર્ય છે. કોઈ નાગરિક તેમાંથી બચી શકતો નથી. અલબત્ત પોતાની કમાણીમાંથી રાજ્ય સરકારને કરવેરા દ્વારા પરાણે અને અનિચ્છાએ ધન આપવું એ એક વાત છે અને પોતાના ધનનો સ્વેચ્છાએ બીજાના ઉપયોગ માટે ત્યાગ કરવો એ બીજી વાત છે. પરંતુ ત્યાગ અને સહકારની ભાવના વિના જીવનવ્યવસ્થા, સમાજવ્યવસ્થા કે રાજ્યવ્યવસ્થા સરળતાથી ચાલી ના શકે.

બાળક જ્યારે જન્મે છે ત્યારે તરત જ સ્તનપાન કરે છે. માતા અને બાળક વચ્ચે આ રીતે લેવડદેવડનો વ્યવહાર સ્થપાય છે. માતા કશુંક આપે છે અને બાળક કશુંક ગ્રહણ કરે છે. બાળક મોટું થાય ત્યાં સુધી તેને ખવડાવવા-પીવડાવવાની, ભણાવવાની, સાચવવાની, લગ્ન કરાવી આપવાની, નોકરીધંધે બેસાડવાની જવાબદારી માતા-પિતાને માથે રહે છે. આમ એક કુટુંબના સભ્યો વચ્ચે આદાન-પ્રદાનનો ઋણાનુબંધ

રહ્યા કરે છે. ક્યારેય કુટુંબમાં કોઈ સભ્યને એવો પ્રશ્ન થતો નથી કે બીજા માટે હું શા માટે કશું કરું ? અથવા બીજાનું હું શા માટે કશુંક ગ્રહણ કરું ?

કોઈ પણ વ્યક્તિ પોતાના જીવનનિર્વાહ માટે જરૂરી એવી અન્ન, વસ્ત્ર, રહેઠાણ, ઔષધ વગેરે પ્રકારની તમામ ચીજવસ્તુઓનું ઉત્પાદન પોતે જ કરે એવું બનતું નથી. એવો આગ્રહ કોઈ રાખતું નથી અને રાખે તો તે ટકી શકે તેમ નથી. એટલા માટે જ સમાજના સભ્યો એક એકમ તરીકે પરસ્પર સહકારથી રહે છે અને જીવે છે.

વળી, સમાજમાં બધા જ માણસો એક જ પ્રકારનો વ્યવસાય કરે તો તે સમાજ ટકી શકે નહિ. સમાજના જુદા જુદા વર્ગો પોતપોતાની શક્તિ અને આવડત અનુસાર તથા પોતપોતાના સંજોગો અને તક અનુસાર પોતાનો વ્યવસાય મેળવી લે છે કે શોધી લે છે. ક્યારેક વ્યવસાય પરિવર્તન પણ થયા કરે છે. પોતપોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે એમ કરવું અનિવાર્ય બની જાય છે. સમાજના વિભિન્ન વર્ગો વચ્ચે જીવનની જરૂરિયાતો અંગે આ રીતે વિભિન્ન વ્યવસાય દ્વારા આદાનપ્રદાનની ક્રિયા સતત ચાલતી રહે છે. એમાં કોઈને ભાર લાગતો નથી. પોતપોતાને ભાગે આવેલું કામ દરેક પોતપોતાની ઈચ્છાશક્તિ અનુસાર કર્યે જાય છે. સમાજની આ વ્યવસ્થામાં સંવિભાગનો સિદ્ધાંત ઘણે અંશે વણાઈ ગયેલો હોય છે.

દરેક વ્યક્તિની ઉત્પાદક શક્તિ અને ઉપભોગશક્તિ એક સરખી નથી હોતી. વળી સમાજમાં લોકોના બૌદ્ધિક સ્તરની અને શારીરિક શક્તિની ઉચ્ચાવચતા હોવાને લીધે દરેક વ્યક્તિની જીવનપર્યંત ઉત્પાદક શક્તિ પણ એક સરખી નથી હોતી અને ઉપભોગ શક્તિ પણ એક સરખી નથી રહી શકતી. મનુષ્ય જ્યારે સમાજની સ્થાપના કરીને તેના એક અંગ રૂપે રહ્યો છે ત્યારે આવી ઉચ્ચાવચતાને કારણે પરસ્પર સહકારનો સિદ્ધાંત એના પાયામાં રહેલો હોવો જોઈએ. આ સહકારની ભાવના ન હોય તો સમાજમાં ક્લેશ, દ્વેષ, સંઘર્ષ વગેરે રહ્યા કરે અને સમાજ છિન્નવિચ્છિન્ન થઈ જાય. સમાજમાં બધા જ માણસો વચ્ચે સમાનતાના ધોરણને જો સ્વીકારવામાં આવે અને પરસ્પર સુમેળ ભર્યા સહકારની ભાવના પોષાયા કરે તો સમાજવાદની એક આદર્શ સ્થિતિનું નિર્માણ થઈ શકે. એ માટે જે કર્તવ્યનિષ્ઠા જોઈએ તે તો પરસ્પર પ્રેમ ભાવ હોય તો જ ટકી શકે. પ્રેમભાવ હોય તો જ પોતાની માલિકીનાં ધન સંપત્તિમાં, ભોગોપભોગમાં બીજાને સંવિભાગી બનવા નિમંત્રણ આપી શકાય. જે સમાજમાં આ સંવિભાગીપણું નથી અથવા ઓછું છે તે સમાજ શુષ્ક, જડ અને નિષ્પ્રાણ બની જાય છે. આમ ભૌતિક દૃષ્ટિએ પણ સમાજમાં સંવિભાગીપણાની ભાવનાની આવશ્યકતા રહે છે.

કોઈ પણ વ્યક્તિ પોતે પોતાના પુરુષાર્થ વડે જે કંઈ ધન સંપત્તિનું ઉપાર્જન કરે છે તે એવું વ્યવસ્થિત અને ચોકસાઈ ભરેલું નથી હોતું કે જેથી એના જીવનનો જ્યારે અંત આવે ત્યારે એના ઉપભોગ માટે તે બધું જ પૂરેપૂરું વપરાઈ ગયું હોય અને એક કણ જેટલું ન તો ઉછીનું લેવું પડતું હોય કે ન તો કંઈ વધ્યું હોય. જીવનની વ્યવસ્થા જ એવી છે કે, ગૃહસ્થમાણસ સંસાર છોડીને ચાલ્યો જાય છે ત્યારે કાં તો તે કાંઈક દેવું મૂકીને જાય છે અને કાં તો તે કંઈક વારસો મૂકીને જાય છે. છેવટે કશું જ ન હોય તો પણ માણસના શરીર ઉપરનું વસ્ત્ર પણ તે મૂકી ને જાય છે. જીવનમાં આમ બનવું અનિવાર્ય છે. ગૃહસ્થોની આ વાત તો સમજાય એવી છે, પરંતુ સાધુ-સંતોની બાબતોમાં પણ તેમ બને છે, કારણ કે તેમના ગયા પછી તેમનાં વસ્ત્ર, પાત્ર, કમંડળ, ગ્રંથ તથા અન્ય ઉપકરણો તો રહી જતાં હોય છે.

સંસારમાં કોઈ પણ જીવ જન્મ-જન્માન્તરની દૃષ્ટિએ એકલો જીવી શકતો નથી. એને ક્યારેક અને ક્યારેક કોઈક વસ્તુ માટે બીજા જીવોનો સહારો અવશ્ય લેવો જ પડે છે. તો બીજી બાજુ બીજાની ઉપર અનુગ્રહ કરવો એ પણ જીવનું એક મહત્ત્વનું લક્ષણ છે. મન- વચન અને કાયાથી બીજા જીવોને જીવવામાં સહાયરૂપ થવું એ ઉત્તમ જીવનું લક્ષણ છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે : 'परस्परोपग्रहो जीवानाम्' એટલે કે એક બીજા ઉપર ઉપકાર કરવો એ જીવોનું લક્ષણ છે. જીવો એકબીજાનો ઉપકાર લઈને જ જીવી શકે છે. સ્થૂળ કરતાં સૂક્ષ્મ દૃષ્ટિએ આ વિચાર વધુ સમજવા જેવો છે. એટલે જ ઉપકાર બુદ્ધિ, પરાર્થકારિતા એ જીવનું એક મહત્ત્વનું લક્ષણ છે. એ લક્ષણ જેટલું વધારે વિકસિત એટલી જીવની ગતિ ઉચ્ચ. એટલે જ શાસ્ત્રકારો કહે છે કે એટલું તો નિશ્ચિત જ છે કે પરાર્થકારિતાના ગુણ વિના કોઈ પણ જીવનો મોક્ષ નથી. હરિભદ્રસૂરિએ કહ્યું છે કે જે જીવો 'લોભરતિ' છે, અર્થાત મેળવવામાં જ આનંદ પામે છે, આપવામાં આનંદ નથી અનુભવતા એવા જીવો ભવાભિનંદી જ રહેવાના. એમને સંસારમાં રખડવું જ ગમે છે, મોક્ષની રુચિ એમને થતી નથી.

વહેંચીને ખાવાની, સહકાર અને સંપની ભાવનાનાં મૂળ કુટુંબજીવનમાં ઊંડા રહેલાં છે. માતા ભૂખે રહીને પણ બાળકને ખવડાવે છે અને તેનો આનંદ અનુભવે છે. માતાપિતા આખી રાત ઉજાગરો કરીને પોતાના માંદા બાળકને સાચવે છે. વૃદ્ધાવસ્થામાં સંતાનો કમાય છે અને વૃદ્ધ માતાપિતાને બેઠાં બેઠાં ખવડાવે છે. માતાપિતા અશક્ત કે માંદા થયાં હોય તો સંતાનો પૂરતો સમય આપીને તેમની સંભાળ રાખે છે. (અલબત્ત ક્યાંક અપવાદ હોઈ શકે છે) આ બધું કર્તવ્ય રૂપે છે, પરંતુ તે એટલું સહજ છે કે એકંદરે કોઈને એમાં કશું શીખવાનું હોતું નથી કે કોઈને તે બોજરૂપ લાગતું નથી.

'ખવડાવીને ખાવો'ની ભાવના મનુષ્યને સંસ્કારના ઉચ્ચતર સ્તર ઉપર લઈ જાય છે. બીજાને માત્ર ખવડાવવાની બાબતમાં જ નહિ પણ એની બધી જ જીવન જરૂરિયાતોની બાબતોમાં ઉદારતાથી સહકાર આપવાની ભાવના ભારતીય સંસ્કૃતિમાં પ્રાણરૂપ ગણી છે. આંગણે આવેલો અતિથિ દેવ બરાબર છે-'अतिथि देवो भव'. અતિથિની બાબતમાં ભારતીય સંસ્કૃતિનો આ સર્વોચ્ચ આદર્શ છે. આવી ઉચ્ચ ભાવના અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી.

'અતિથિ-સંવિભાગ'એ ભારતીય સંસ્કૃતિનું એક મહત્ત્વનું ગૌરવભર્યું લક્ષણ છે. જૈન શ્રાવકોનું તો એ એક વ્રત ગણાય છે, જેમાં અતિથિના અર્થમાં સાધુ-સાધ્વીઓ ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે.

ભૌતિકદૃષ્ટિએ વિકસતા જતા આધુનિક વિજ્ઞાનને કારણે, નવી નવી જીવન પદ્ધતિને કારણે, તથા નવી અર્થવ્યવસ્થાને કારણે મનુષ્યમાંથી આ 'અતિથિદેવો ભવ' ની ભાવના ઘણી ઘસાતી ચાલી છે. વર્તમાન જીવન વ્યવસ્થા અને ઘરકામના ભારને લીધે પણ આ ભાવના લુપ્ત થવા લાગી છે. ઘરે અચાનક અજાણ્યા મહેમાન આવે અને પોતે રાજી રાજી થાય એવું હવે કેટલાં ઓછાં સ્ત્રીપુરુષોની બાબતમાં જોવા મળે છે ! એમાં વ્યક્તિના દોષ કરતાં પરિસ્થિતિનો દોષ વધુ મોટો છે. અન્ય દેશોની જીવન પ્રણાલિકાનો પ્રભાવ ભારતીય જીવન પ્રણાલિકા ઉપર ઘણો પડયો છે તો બીજી બાજુ ભારતીય અતિથિ-ભાવનાનો દુરુપયોગ પણ ઘણો થયો છે. એટલે આમ બનવું સ્વાભાવિક છે. તેમ છતાં અતિથિ સંવિભાગની ભાવના હૃદયમાં અવશ્ય સંઘરી રાખવા જેવી છે. પોતાના આહારમાંથી સાધુસંતોને ભિક્ષા-ગોચરી આપવાની ભાવનાનું રોજેરોજ પોષણ-સંવર્ધન કરવા જેવું છે. આંગણે આવતા અતિથિઓ-અભ્યાગતોમાં સર્વોચ્ચ સ્થાન સાચા સાધુસંતોને આપવા જેવું છે.

ભારતમાં કેટલાય લોકોને રોજનો એવો નિયમ હોય છે કે પોતાના ભોજનમાં કોઈકને સહભાગી બનાવવા જોઈએ. રોજેરોજ તો મહેમાનો ક્યાંથી હોય ? તો પણ પોતાનું રાંધેલું ફક્ત પોતેજ ખાવું એ તો નરી સ્વાર્થી સંકુચિત વૃત્તિ ગણાય. એટલે કેટલાયે લોકો રોજેરોજ પહેલાં શેરીમાં ગાય કે કૂતરાને ખવડાવીને પછી પોતે ખાય છે. આ ભાવનાનો રૂઢાચાર તો એટલી હદ સુધી થયો કે પોતે કુટુંબના સભ્યોની સંખ્યાનુસાર

માપીને રસોઈ કરે છે અને જરા પણ રસોઈ વધવી ન જોઈએ એવી વાત પોતાના ઘરમાં ન થવી જોઈએ. એટલા માટે સ્ત્રીઓ રોટલી કે રોટલો કરતી વખતે એક નાની ચાનકી વધારાની કરતી હોય છે. આ ચાનકી એ સંવિભાગનું પ્રતીક છે. સમાજમાં કેટલાયે એવા ઉદારચિત મહાનુભાવો હોય છે કે જેમને પોતાને ઘેર કોઈ મહેમાન જમનાર ન હોય તો આનંદ ન થાય. હજુ પણ ગુજરાત, રાજસ્થાન અને બીજા પ્રદેશોમાં કેટલાયે એવા જૈન છે કે જેમનો રોજનો નિયમ છે કે રેલવે સ્ટેશન પર જઈ કોઈક અજાણ્યા સાધર્મિક ભાઈને જમવા માટે પોતાના ઘરે તેડી લાવે અને એમને જમાડયા પછી પોતે જમે. જે દિવસે એવી કોઈ વ્યક્તિ ન મળે તો તે દિવસે એમને ઉપવાસ થાય.

વહેંચીને ખાવાના સિદ્ધાંતમાં સમાજવાદનાં મૂળ રહેલાં છે. સમાજના દરેક નાગરિકને આજીવિકાના અને ઉપભોગના એક સરખા હક્ક મળવા જોઈએ અને એક સરખી તક મળવી જોઈએ. આ એક આદર્શ ભૂમિકા છે. જ્યાં આ સ્વરૂપ સચવાતું નથી અને જ્યાં સમાજનો એક વર્ગ અતિશય ધનસંપત્તિ એકત્ર કરીને એશઆરામ કરે છે અને એજ સમાજનો બીજો વર્ગ પેટનો ખાડો પૂરો કરવા દિવસ રાત કાળી મજૂરી કરે છે એ સમાજમાં ઝઘડા-ક્લેશ, સંઘર્ષ, ખૂન, વર્ગવિગ્રહ ઈત્યાદિ આવ્યાં વગર રહેતાં નથી. એટલા માટે જ ભગવાન મહાવીરે કહ્યું છે કે જે દાન આપતો નથી, અસંવિભાગી છે, સંગ્રહખોર છે, અપ્રમાણભોગી છે તે નૈતિક દૃષ્ટિએ સમાજનો ચોર છે. તે અસ્તેય-અચૌર્ય નામના મહાવ્રતનો ભંગ કરનારો છે.

વર્તમાન સમયમાં ચારે બાજુ સંઘર્ષ, ક્લેશ, દ્વેષ, હિંસા અને અશાંતિનું વાતાવરણ વધતું હોય તેવું જોવા મળે છે. મનુષ્યની વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક કે રાષ્ટ્રીય સ્તરે રહેલી સંકુચિત સ્વાર્થવૃત્તિને કારણે આ સંઘર્ષમય અશાંત સ્થિતિ સર્જાય છે. જ્યાં જ્યાં ઉદારતા છે, પ્રેમભાવ છે. સહિષ્ણુતા છે, સહકાર છે ત્યાં ત્યાં શાંતિ, અને સરળતા પ્રત્યક્ષ જોવા મળે છે. મનુષ્ય પોતાના દેશ, જાતિ, ભાષા અને ધર્મના સંકુચિત કોચલામાંથી બહાર આવી મનુષ્યમાત્રને માનવતાની દૃષ્ટિએ નિહાળે, ભૌતિક ભેદો એની દૃષ્ટિમાંથી વિગલિત થઈ જાય તો જીવન તેને માટે સ્વર્ગ જેવું બની શકે છે. માત્ર માનવતાની ભાવના આગળ જ અટકી ન જતાં પશુ-પંખીઓ સહિત સર્વજીવો પ્રતિ જે લોકો પોતાની આત્મચેતનાનો વિસ્તાર અનુભવે છે તેઓને તો સૂક્ષ્મ આધ્યાત્મિક અનુભૂતિનો અવર્ણનીય આનંદ માણવા મળે છે.

સંવિભાગની ક્રિયા સ્થૂળ હોય તો પણ તેના સંસ્કાર ઊંડા પડે છે. માણસમાં દાન અને દયાનો ગુણ વિકાસ પામે છે. ગ્રહણ કરવું, મેળવવું, પ્રાપ્તિથી રાજી થવું, ઝૂંટવી લેવું એવા બધા સ્થૂળ સંસ્કાર તો જીવોમાં અનાદિકાળથી રહેલા છે. એ શીખવવા માટે બહુ જરૂર રહેતી નથી. નાનું બાળક પણ પોતાની મનગમતી વસ્તુ લઈને તરત રાજી થઈ જાય છે. બીજાને આપવાનું બાળકને શીખવાડવું પડે છે. પોતાનું એક જ રમકડું હોય તો પણ બાળક રાજી ખુશીથી બીજા બાળકને તે રમવા આપી શકે તો સમજવું કે તેમનામાં સંવિભાગનો ગુણ ખીલ્યો છે. આ ગુણ કેટલીકવાર ખીલ્યો હોવા છતાં સંજોગો બદલાતાં ઢંકાઈ જાય છે કે ઘસાઈ જાય છે. પરંતુ વિપરીત સંજોગામાં પણ એ ગુણ ટકી રહે એ જ એની મહત્તા છે. એ ગુણ જેમ જેમ વિકસતો જાય તેમ તેમ બીજા જીવો પ્રતિ ઉદારતા, સમાનતા વગેરે પ્રકારના ભાવો વિકસતા જાય છે. આવા ગુણો જેમ જેમ વિકસતા જાય તેમ તેમ તેની સાથે સંલગ્ન એવા અન્ય ગુણો પણ વિકસતા જાય છે. ગુણવિકાસ એ આધ્યાત્મિક વિકાસની પૂર્વભૂમિકા છે. બીજા જીવો પ્રત્યે આત્મૌપમ્યની ભાવના જ્યાં સુધી ન આવે ત્યાં સુધી 'સર્વ જીવ છે સિદ્ધસમ' એવી દૃષ્ટિ અંતરમાં સ્થિર ન થાય. એ સ્થિર ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક વિકાસની શક્યતા નથી. જો એ ન હોય તો પછી મોક્ષ પ્રાપ્તિની તો શક્યતા જ ક્યાંથી ? એટલા માટે જ ભગવાન મહાવીરે સાચું જ કહ્યું છે કે અસંવિભાગી વ્યક્તિનો મોક્ષ નથી.

❑ રમણલાલ ચી. શાહ

## ધીરજબેન દીપચંદ શાહ પ્રેરિત
## રમકડાં ઘર (Toy Library)
## રમકડાંની ડેમોન્સ્ટ્રેશનની યોજના

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ચાલતી ઉપરોક્ત પ્રવૃત્તિમાં બાળકોને રમકડાં, બાલ પુસ્તકો અને બાળગીતોની કેસેટ ઘરે લઈ જવા માટે આપવામાં આવે છે. રમકડાંઘરના ૨૫૦ થી વધુ સભ્યો છે અને દર રવિવારે પચાસેક બાળકો રમકડાં ઘરે રમવા લઈ જાય છે. દિન-પ્રતિદિન દેશ વિદેશમાં મોંઘા અને સુંદર રમકડાં નીકળતાં જાય છે. એવાં મોંઘા રમકડાં વસાવવાનું કે ઘરે રમવા આપવાનું સરળ નથી. સામાન્ય માણસને લેવા કે જોવા પણ ન મળે એવાં નવાં નવાં રમકડાનું ડેમોન્સ્ટ્રેશન દર રવિવારે ૪-૦૦ થી ૪-૩૦ના સમયે સંઘના કાર્યાલયમાં કરવાની અમારી યોજના છે. જેઓની પાસે નવું મોંઘુ રમકડું હોય અને જેઓ રવિવારે આવીને પોતાના રમકડાંનો આનંદ બાળકોમાં વહેંચવા માગતા હોય તો તેવાં રમકડાનું ડેમોન્સ્ટ્રેશન રવિવારે ગોઠવતાં અમને આનંદ થશે. એ માટે કાર્યાલયમાં સંપર્ક કરી આપનું નામ, સરનામું અને ફોન નંબર જણાવશો, જેથી અમે આપનો સંપર્ક કરીને આપના રમકડાનું ડેમોન્સ્ટ્રેશન બાળકો માટે ગોઠવી શકીએ.

ડૉ. અમૂલ શાહ
જયાબહેન વીરા
સંયોજકો, રમકડાં ઘર

## નેત્ર યજ્ઞ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી શ્રી યુસુફ મહેરઅલી સેન્ટર દ્વારા રવિવાર, તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ પનવેલ પાસેના તારા ગામે યુસુફ મહેરઅલી સેન્ટરમાં નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

સંઘના સભ્યો માટે આ નેત્રયજ્ઞની અને યુસુફ મહેરઅલી સેંટરની મુલાકાત લેવા માટે સંઘ તરફથી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. રવિવાર, તા. ૧૯મી ડિસેમ્બરે, સવારના ૯-૦૦ કલાકે સંઘના કાર્યાલય પાસેથી બસ ઊપડશે અને દાદર, માટુંગા, ચેંબુર થઈ તારા પહોંચશે. તારાથી બપોરે સાડા ત્રણ વાગે બસ ઊપડશે અને ચેંબુર, માટુંગા, દાદર થઈ મુંબઈ પાછી આવશે. બપોરનું ભોજન સેંટરમાં રહેશે.

આ નેત્રયજ્ઞમાં આવવાની જે સભ્યોની ઈચ્છા હોય તેમણે તા. ૩૦-૧૧-૯૩ સુધીમાં રૂ. ૧૦-૦૦ ભરી પોતાનાં નામ સંઘના કાર્યાલયમાં નોંધાવી દેવા વિનંતી છે.

રસિકલાલ લહેરચંદ શાહ
સંયોજક

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

# નિષ્કારણ પદગતિ !

❑ ડૉ. પ્રવીણ દરજી

હમણાં રોબ્બ ગ્રિયેની એક સરસ વાર્તા વાંચી. વારંવાર યાદ કરવી તો ગમે જ, પણ જ્યારે જ્યારે યાદ કરીએ ત્યારે એક જુદા જ અર્થઘટન પાસે એ વાર્તા મૂકી આપે છે. વાચકે વાચકે એના ભિન્ન અર્થો નીકળી શકે એવી કૃતિ છે. ખાસ તો આજના સામજિક પરિવેશમાં મનુષ્ય જે રીતે જીવી રહ્યો છે, એ સંદર્ભે આ વાર્તા સ્પર્શી ગઈ. વાર્તાનું નામ છે 'સમુદ્રકાંઠો'. શીર્ષક જોતાં આપણને એમ થવાનું કે કદાચ એમાં સમુદ્રની વાર્તા હશે. અથવા સમુદ્ર કાંઠે બેઠેલા નાયક-નાયિકાની તેમાં કથા હશે, કે પછી સમુદ્ર કાંઠે વિષાદ મગ્ન કોઈ નાયક-નાયિકા જાત સાથે વાર્તાલાપ કરતાં હશે. પણ ના, અહીં એમાનું એવું કશું નથી. આ વાર્તામાં કોઈ નાયક નથી કોઈ નાયિકા નથી, નથી એમાં વિષાદની વાત આવતી કે નથી એમાં કોઈ આનંદનો સંકેત. એમાં તો ત્રણ બાળકો આવે છે. કથાનાં પાત્રો ગણો કે નાયક ગણો એ ત્રણ બાળકો જ. છતાં આપણે એમ પણ માની લેવાની જરૂર નથી કે એ કથા બાળકો માટે લખાઈ છે, અથવા બાળકોની કથા છે. રોબ્બે બાળકો તો આડશ રૂપે લીધા છે. બાળકોની પાછળ જે કંઈ એ સૂચવવા માગે છે તે તો મોટેરાંઓ સાથે, કહો કે મારી-તમારી સાથે સંબંધિત છે.

હા, તો અહીં આ વાર્તામાં ત્રણ બાળકો છે. બાળકો એ બાળકો. બહુ મોટી ઉંમર તો એમની નથી જ. પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો જ હોવાં જોઈએ. અલબત્ત, લેખક એ વિશે ફોડ પાડતા નથી. આટલી જ હકીકત-એ ત્રણ બાળકો છે. ખુલ્લાં છે. પરગખાં કે એવું કશું તેઓએ પહેર્યું નથી. ત્રણે ધીમે સમુદ્ર કાંઠાની રેતી ઉપર ડગલાં ભરે છે. પોતાની રીતે પોતાની મસ્તીમાં રેતી ઉપર એ ત્રણેની પગલીઓ અંકિત થતી જાય છે. રેતીમાં ખુલ્લા પગે ચાલવું, પોતાનાં પદચિહ્નો અંકિત થતાં જોવાં એ એક વિસ્મયકારી ઘટના છે. ભીની ભીની રેતી, ખુલ્લા પગને ભીની રેતીનો સ્પર્શ, ઉપર ખુલ્લું આકાશ, સમુદ્રમાં મોજાંનો ઉછાળ, એનું ગર્જન-આ બધું મનને નર્તતું કરી દે એવું છે. છતાં એ વિશે નથી એવું કશું લેખક કહેતા કે એવો કશો રોમાંચ બાળકો દ્વારા પણ નથી પ્રકટતો, લેખક તો વળી વળીને એક જ વાત અભિવ્યક્ત કરે છે; બાળકો ચાલ્યા કરે છે, ડગલાં ભર્યા કરે છે. એમના પગ પેલી ભીની રેતીને સ્પર્શ્યા કરે છે, રેતીમાં તેથી તેમના પગલાં આકારાય છે, ક્યાંક આ પગલું એકાદ ઈંચ ઊંડું પડે છે, ક્યાંક સપાટી ઉપર એનું ચિહ્ન છોડી જાય છે. રોબ્બને જાણે રસ છે પેલાં બાળકોને એમ અન્યમનસ્ક રાખી રેતીમાં ચાલતાં રાખવામાં. દૃશ્ય તરીકે એ અપીલ કરે તેવી બાબત છે. રોબ્બ જો કે, પેલી પગલીઓને ઢાંકી દેવા મથતી હવાનું ચિત્ર દોરે છે, પાણીના મોજા વિશે પણ તે વચ્ચે વચ્ચે વર્ણન કરે છે. એની નજર વધુ તો બાળકોની પદગતિ ઉપર જ ઠરી છે. ઘડીભર વાચકને એમ થાય કે બાળકોની પદગતિ દ્વારા રોબ્બને શું અભિપ્રેત હશે ? પણ આપણા આવા પ્રશ્નોનો કશો ઉત્તર મળે તેમ નથી. કારણ કે આ બાળકો કોણ છે? ક્યાં જઈ રહ્યાં છે ? શા માટે તે ઓ જઈ રહ્યાં છે ? તેઓ શો વિચાર કરી રહ્યાં છે ? તેમની શી ઈચ્છાઓ છે ? કશી આકાંક્ષાઓ સાથે તેઓ આમ કરી રહ્યાં છે ? તેઓ ઘર ત્યજીને નીકળ્યાં છે ? ઘેર જશે કે કેમ ? -આ કે આવા અનેક પ્રશ્નો વિશે નથી બાળકો આપણને કશું કહેતાં કે નથી એના લેખક પણ કશું સૂચવતા. હા, એક બીજી વાત અહીં છે. બાળકોની આગળ આગળ પક્ષીઓ જે ઉડાઊડ કરી રહ્યાં છે તેનું વર્ણન અહીં ક્રમ રીતે થયું છે. પેલા નિર્દોષ, બાળકો અને એવાં જ આ પક્ષીઓનું કોલાજ રચાય છે.

આખી વાર્તામાં આ બાળકો માત્ર એકવાર થોડીક વાતચીત કરે છે. એ વાતચીત ઘણી ટૂંકી છે. એ વાતચીતમાં નથી એમનાં સગાસંબંધીઓની વાત કે નથી એમાં તેમના ઘર અંગેની વાત. આગળ વધવા કે પાછળ જવા માટે પણ એમાં નિર્દેશ મળતો નથી. એ ત્રણ બાળકોએ ઘંટનો અવાજ સાંભળ્યો અને ત્રણેય પરસ્પર એકબીજાને પૂછવા લાગ્યા : 'આ પહેલો ઘંટ થયો કે બીજો ઘંટ થયો ?'- વાતચીત ગણો કે જે ગણો તે આટલું જ પણ ઘંટના અવાજ વિશેય તેઓ પછી કોઈ ઝાઝી જિજ્ઞાસા દાખવતા નથી. કશું કુતૂહલ એમનામાં બાકી રહ્યું ન હોય તેમ ટૂંકી વાતચીત પછી તેઓ પોતાની પગલી પાડવાની ક્રિયામાં ગરક થઈ જાય છે. લેખકે પણ વાત ત્યાં જ અટકાવી દીધી છે. ધાર્યું હોત તો તેઓ ઘંટના અવાજ વિશે સ્પષ્ટતા કરી શક્યા હોત. ઘંટનો એવો અવાજ શાળાનો પણ હોઈ શકે, અથવા કશાક ભયની ચેતવણીનો પણ એ અવાજ હોઈ શકે. ચર્ચમાંથી આવતો અવાજ પણ હોઈ શકે, પણ અહીં લેખકને એવી કોઈ સ્પષ્ટતા કરવી ગમી નથી. પેલાં બાળકોને પણ એ ઘંટનો અવાજ શાનો છે ? તેમાં દિલચસ્પી નથી. અવાજ સાંભળ્યો, ઘડી વાતચીત અને ફરી એ જ પૂર્વ ગતિ. આમ વાર્તા પૂરી થાય છે. વિવેચકોને આ વાર્તા વિશે જે કહેવું હોય તે ખરું, શિક્ષકોને એમાંથી જે અર્થઘટનો કાઢવાં ગમે તે ખરાં. પણ એક વાત અહીં દીવા જેવી છે. આ વાર્તા માત્ર પેલાં ત્રણ બાળકોની નથી. આ વાર્તા આજના આખા સમાજની છે. કદાચ જેટલી તે મારી કથા છે તેટલી જ તે તમારી કથા છે. આપણે સૌ દોડી રહ્યા છીએ-ક્યાં ? કેમ ? કઈ દિશામાં ? શાને કારણે ? -એની આપણને કોઈને કશી ખબર નથી. નિરુદ્દેશ, નિષ્કારણ આપણી પદગતિ રહી છે. પેલાં બાળકોની જેમ. એક બીજા સાથે વાત કરવાની, હૃદય ખોલવાની પણ કોઈને ઈચ્છા થતી નથી. બીજાની સાથેનો તો ખરો જ પણ પોતાની સાથેનો સંવાદ તાર પણ તૂટી ગયો છે. પેલી ઘંટડી રણકી એનો અવાજ કાને પડયો, કાન થોડાક સરવા થયા, પણ પછી તરત હતા ત્યાંને ત્યાં કશી ઉત્સુકતા તે વિશે નથી. આપણે ક્યાંય જવા ઈચ્છતા નથી, કશું કરવા માટેની આપણી તૈયારી જ નથી. કશા વિશે ચિંતા-ચિંતન કે વિચાર વિમર્શ પણ શક્ય નથી. માત્ર ભોગ એજ જીવન એવું ટૂંકુ સમીકરણ સૌને હાથ લાગી ગયું છે. જ્ઞાન-વિજ્ઞાન, ઈતિહાસ, સંસ્કૃતિ, મનુષ્યની સભ્યતા, સારપ બધું એકદમ વ્યર્થ બનતું જતું જોવાય છે. કહો કે એનો અંત આવી રહ્યો જણાય છે. એની પેલી પદગતિ પ્રગતિ નથી. માત્ર ગતિ છે. સંભ્રમવાળી. અનિષ્ટોનો, ભ્રષ્ટતાને, ભોગને આપણા યુગમાં વ્યાપક માન્યતા મળી ચૂકી છે. એકલ-દોકલ કોઈનો જુદો પડતો અવાજ જુદો રહી શકે તેમ નથી. સરઘસમાં સૌની ચાલનો એક સમાજ સરઘસ બની ગયો છે. આ સરઘસ નિષ્પ્રયોજન છે, નિર્હેતુક છે, નિષ્કારણ છે. એક કાળમાં મનુષ્ય મૃત્યુને સમજપૂર્વક અતિક્રમવા મથતો હતો, એની આજુબાજુ એ જીવનની બાજી ગોઠાવતો હતો અને કશાક વધુ ઉર્ધ્વ જીવન માટે તેની પ્યાસ અને ગતિ હતાં. આજે ભોગપરાયણતાએ તેની વિચાર શક્તિને હણી લીધી છે. મૃત્યુ એને માટે પ્રશ્ન રહ્યું નથી. કારણકે પ્રશ્ન કરનારાના મગજમાં એલિયેટ કહે છે તેમ, 'કેવળ ઘાસ ભરેલું છે!' રોબ્બની આ વાર્તા વાંચજો ક્યારેક !

❑❑❑

# મહાવીરસ્વામીના સમકાલીન શ્રેણિક આદિ નવ ભાવિ તીર્થંકરો

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

અનંતાનંત પુદ્‌ગલપરાવર્તન કાળમાં અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના પ્રવાહમાં વ્યતીત થઈ કાલકવલિત થઈ ચૂકી છે, થશે. તેમાં ત્રીજા-ચોથા આરામાં તીર્થંકરો થતા હોય છે. તેઓને પણ નિગોદમાંથી બહાર નીકળી અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવી ઉત્ક્રાંતિના શિખરો સર કરી સકામ નિર્જરા કરી સંસારમાં ભટકતાં ભટકતાં જે કાર્મણ રજકણો આત્માના પ્રદેશમાં સંલગ્ન થઈ ગઈ છે; તેનો તીવ્રતમ પુરુષાર્થ કરી, ચરમશરીરી જીવો ક્ષાયિક સમકિત્વ મેળવી યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, નિવૃત્તિકરણ, અનિવૃત્તિકરણ વગેરે કરણો તથા અંતરાકરણ દ્વારા ઉપશમકે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરી ૧૩-૧૪ ગુણસ્થાનકે આરૂઢ થઈ મોક્ષગામી બને છે.

ત્યાર બાદ શુક્લધ્યાનનાં છેલ્લા બે પ્રકારો સાધી તે આ ક્રમે ૧૩માં ગુણસ્થાનમાં અંતભાગમાં કાયનિરોધના પ્રારંભથી શુક્લધ્યાનનો ત્રીજો પ્રકાર શરૂ થાય છે. મન-વચન-કાયાના ત્રણે યોગો ઉપર નિષ્ક્રિયતા લાવી શૈલેશી દશામાં કર્મક્ષયની પ્રક્રિયા કરી ૧૪માં ગુણસ્થાનકના અંત સમયે સર્વ કર્મોનો ક્ષય કરી, આત્માને કોઈ કર્મ બાકી ન રહેતા કેવળી બને છે. 'સમ્યગ્‌જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ' એ સૂત્રને ચરિતાર્થ કરે છે. કેવળી બનવા માટે ચરમશરીરી હોવું જેટલું આવશ્યક છે તેટલું વ્રજઋષભનારાચસંઘયણ, ઘાતિ ચાર કર્મોનો સર્વાંશે ક્ષય કે તેની સાથે સંલગ્ન ચાર અઘાતી કર્મો પણ ક્ષય થાય તે જરૂરી છે; તેને ભોગવ્યા પછી કેવળી બની મોક્ષે જાય છે. સામાન્ય રીતે તીર્થંકર થનાર ભવ્ય જીવો તીર્થંકર બને તેના પૂર્વના ત્રીજા ભવે ૨૦ સ્થાનકની કે તેમાંથી ગમે તે એક સ્થાનકની સુંદર, સચોટ સમારાધના કરે ત્યારે તે જીવ તીર્થંકર બનવા માટેનું કર્મ નિકાચિત કરે છે; તેવા જીવો ચરમશરીરી તથા સમચ તુરસ્ર સંસ્થાનવાળા હોય છે; અસંગ કે અનાસંગ યોગ સાધી મોક્ષગામી થાય છે. મનુષ્યગતિમાં જ મોક્ષ મળી શકે છે. તે સંજ્ઞિ પંચેન્દ્રિય ભવ્યજીવોના નસીબમાં હોય છે, કેમકે અભવ્ય, દુર્ભવ્ય, દૂરેભવ્ય, જાતિ ભવ્યાદિ જીવો ક્યારે પણ તે પદ પ્રાપ્ત કરી શકે તેવી શક્યતા નથી. વંધ્યા સ્ત્રી હોવા છતાં પણ તેને પુત્રજનનની સામગ્રી મળવા છતાં પણ ગર્ભધારણ કરવાની એનામાં યોગ્યતા નથી હોતી; એમ અભવ્ય જીવને સામગ્રી મળે તો પણ મોક્ષ પામવાની યોગ્યતા નથી હોતી; જ્યારે ભવ્યમાં તે હોય છે છતાં બધાં જ ભવ્ય મોક્ષ પામવાના છે એવું પણ નથી. કેમકે કેટલાય ભવ્યોને એની સામગ્રી મળવાની જ નથી. દા.ત. પવિત્ર વિધવાસ્ત્રીમાં પુત્ર જન્મની યોગ્યતા હોઈ શકે છતાં સામગ્રીના અભાવે પુત્ર જન્મ કરવાની નથી. તેથી જે જીવ ભવ્ય છે, યોગ્યતા છે છતાં, કદી મોક્ષ પામવાના નથી તે જાતિભવ્ય કહેવાય. આ રીતે જીવોના ત્રણ વિભાગ થાય ભવ્ય, અભવ્ય અને જાતિભવ્ય, સિદ્ધિગમન એટલે સિદ્ધિ નામના પર્યાયમાં પરિણમવાને યોગ્ય ભવ્ય કહેવાય. તેથી સિદ્ધિ પરિણમવાની યોગ્યતા તે ભવ્યત્વ.

ઉપર્યુક્ત વિવેચન કર્યા પછી તીર્થંકરોની ગુણાનુવાદ કે અનુમોદના કરી આગળ વધીએ. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના ૭૨ તીર્થંકરોને ભાવભીની ભક્તિસભર વંદના સ્તવનાદિ કરીએ. 'નિજ્યપહુત્તસ્મરણ'ના ૧૫ કર્મભૂમિના ૧૭૦ તીર્થંકરો જે ભગવાન અજિતનાથના સમયમાં થયેલા તેમજ વર્તમાનકાળના મહાવિદેહ ક્ષેત્રના ૨૦ વિહરમાન સીમંધરસ્વામી-યુગમંધરાદિ તીર્થંકરોને પણ વંદના..વંદના કરવાથી વિનીતભાવનું બાહુલ્ય તથા નીચગોત્રાદિ કર્મોનો ક્ષયોપશમ થાય છે. પૂજ્ય વીરવિજી મહારાજ કહે છે: સુલસાદિક નવ જણને, જિનપદ દીધું રે !

ભવિષ્યમાં થનારા તીર્થંકરો જેવાં કે શ્રીકૃષ્ણ કે જેઓ સાતમી નરકમાંથી ભગવાન નેમિનાથના સાધુસમુદાયને ભક્તિ પૂર્વક અપૂર્વ વંદના કરવાથી ત્રીજી નરકમાંથી આગામી ઉત્સર્પિણીમાં ૧૨મા અમમ તીર્થંકર થશે તેને કેમ ભુલાય ? બધાનો ઉલ્લેખ ન કરતાં શ્રી ભગવાન મહાવીર સ્વામીના સમકાલીન નવ ભદ્રિક જીવો જે તીર્થંકરો થશે તે દૃષ્ટિપથ પર લાવીએ :-

(૧) શ્રેણિક મહારાજા જેઓ અત્યારે મૃગલીની હત્યાના આનંદાતિરેકથી પ્રથમ નરકમાં છે; અને જેમને સુશ્રાવિક ચેલ્લણાએ મિથ્યાત્વીમાંથી ક્ષાયિક સમકિતી બનાવ્યા તેઓ પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે. શ્રેણિક પુત્રના પ્રત્યેક ચાબખા વખતે જેમના મુખમાંથી 'વીર, વીર' એવા શબ્દો નીકળતા, જેઓ વીરમય બની ગયેલા તેઓ મહાવીર સ્વામીની જેમ સાત ફૂટની કાયાવાળા, ૭૨ વર્ષના આયુષ્યવાળા, ભારતમાં મહાવીરની ભૂમિમાં વિચરનારા થશે. તેમને મહાવીર કેટલાં વહાલાં હશે કે આ પ્રમાણેની સામ્યતા ! કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ઉપદેશથી માર્ગસ્થ બનેલા પરમાર્હત કુમારપાળ તેમના પ્રથમ ગણધર થશે.

(૨) બીજા તીર્થંકર સુરદેવ તે ભગવાન મહાવીરના સંસારી કાકા સુપાર્શ્વનાથનો જીવ થશે. શ્રી ભગવતીસૂત્રમાં તેમનો પુષ્કલી એ નામથી ઉલ્લેખ કરાયો છે.

(૩) ત્રીજા તીર્થંકર શ્રેણિકરાજાના પૌત્ર, કોણિકના પુત્ર, જેમનો પૌષધશાળામાં વિનયરત્ન નામના અભવ્ય સાધુથી ઘાત થયો હતો તે ઉદયનો (ઉદાયી) જીવ સુપાર્શ્વ થશે.

(૪) ચોથા તીર્થંકર સ્વયંપ્રભ તે પોટ્ટિલ મુનિનો જીવ છે.

(૫) પાંચમા તીર્થંકર સર્વાનુભૂતી જે દૃઢાયુ શ્રાવકનો જીવ છે.

(૬) સાતમા તીર્થંકર ઉદય તે શંખ (શતક) શ્રાવકનો જીવ છે.

(૭) દશમાં તીર્થંકર શતકીર્તિ તે શતકનો જીવ છે. મહાશતકને ૧૩ પત્નીઓ હતી. રેવતીએ ૧૨ને સળગાવી દીધી હતી. ત્યારપછી પતિને ભોગ માટે આમંત્રે છે. તેઓ નકારી કાઢે છે ત્યારે એકવાર પૌષધમાં હતા ત્યારે ઝેર આપે છે તે જાણી તેને જણાવે છે કે સાતમે દિવસે તું નરકમાં જશે. ક્યાં આ રેવતી અને ક્યાં મહાવીરસ્વામીને ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યાથી ગરમીની પીડાને દૂર કરવા બીજોરાપાક વહોરાવનારી રેવતી ! તેના દ્વારા રોગને શાંત કર્યો હતો.

(૮) પંદરમા તીર્થંકર નિર્મમ તે સુલસા, રથકાર નાગરથની સુલક્ષણાપત્ની હતી. આ સુલસાને ભગવાન મહાવીરસ્વામીએ અંબડ પરિવ્રાજક દ્વારા ધર્મલાભ કહેવડાવ્યો હતો. અંબડ તેના સમકિતથી આશ્ચર્યાન્વિત થયો હતો.

(૯) સત્તરમાં તીર્થંકર સમાધિ નામે થશે તે રેવતી શ્રાવિકાનો જીવ જાણવો. ભગવાનના દેહમાં થયેલી વ્યાધિ શાંત કરવા બીજોરા પાક વહેરાવ્યો હતો. વળી, ઉપરના નોંધેલા નામો દિપાવલિકા કલ્પમાં આપેલાં છે.

અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તનકાળમાં અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીઓ કાળના પ્રવાહમાં વ્યતીત થઈ ચૂકી છે, થશે તેમાં થનારા તીર્થંકરાદિ ભદ્રિક જીવોને ભક્તિસભર ભાવભરી ભૂરિ ભૂરિ ભાવભીની અવનત શીર્ષ પાદવંદના કરી મોક્ષે ગયેલાં સિદ્ધાત્માઓની ગુણાનુવાદ પુરસ્સર સ્તુતિ કરી તેમાંથી ઉત્પન્ન થનારૂં પુણ્યાનુબંધી પુણ્યના આપણે સૌ ભાગીદાર શું ન થઈ શકીએ ?

જગચિંતામણિ ચૈત્યવંદનમાં અટ્ઠાવયસંઠવિય...ચઉવિસંપિ જિણવર.. .કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં...અવર વિદેહિં તિત્થયરા ચિહુ દિસિ વિદિસિ

જિંકેવિ તીઆણગયસંપઈમ્ વંદુ જિણ સવ્વેવિ. ૧૫ અબજ ઉપર જિનબિંબોને વંદનાની વાત અહીં કરી છે.

તેવી રીતે જયવીયરાય (પ્રાર્થના સૂત્ર)માં લખ્યા પ્રમાણે વારિજ્જઈ જઈવિ નિઆણ બંધણં વીયરાય ! તુહ સમયે; તહવિ મમ હુજ્જ સેવા ભવે ભવે તુમ્હ ચલણાણં છેલ્વે :-

જિને ભક્તિર્જિને ભક્તિર્જિને ભક્તિર્દિને દિને

સદા મે અસ્તુ સદા મે અસ્તુ સદા મે અસ્તુ ભવેભવે

સિદ્ધો ચાર ઘાતિ અને ચાર અઘાતિ કર્મોનો નાશ કરી સિદ્ધશીલામાં બીરાજે છે; જ્યારે તીર્થંકરો ચાર ઘાતિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી 'સવી જીવ કરું શાસન રસી' ચરિતાર્થ કરી આયુષ્ય કર્મનો શેષ ભોગવટો કરી ઉપદેશ આપી મૃત્યુ બાદ સિદ્ધગતિ મેળવે છે.

સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં કહ્યું છે :-

સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં

લોઅગ્ગમુવગયાણં, નમો સવ્વસિદ્ધાણં

પરંપરાએ એટલે ૧૪ ગુણસ્થાનની શ્રેણીને ક્રમબદ્ધ રીતે ચઢીને સિદ્ધપદ મેળવે છે. અહીં પણ આ ગાથામાં સર્વસિદ્ધોને નમસ્કાર કરાય છે. નમસ્કારનો અચિન્ત્ય મહિમા, છે તેથી ઉપરના સૂત્રની ત્રીજી ગાથામાં સ્પષ્ટ લખ્યું છે કે :-

ઇક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વર્ધમાણસ્સ

સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા

એક જ નમસ્કારથી સંસાર સાગર તરી જવા માટે ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ પછીનો સામર્થ્યયોગ કારણભૂત છે. આ સામર્થ્ય યોગ વજ્રઋષભનારાયસંઘયરણવાળાને જ સુલભ છે; જે ચરમશરીર ભવ્ય જીવોને સુલભ છે. ઉવસગ્ગહરમ્ સ્તોત્રમાં લખ્યું છે કે :- चिट्ठओ दुरे मंतो तुज्झ पणामोऽवि बहुफलो होइ ।

આગમસાહિત્યમાં ભગવાન મહાવીરસ્વામી ગૌતમ ગણધરને વારંવાર સમજાવે છે કે પ્રણામ ભાવસભરતાનું અત્યધિક ફળ છે; કારણ કે તે દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરે છે. તેનાથી પુણ્યાનુબંધીપુણ્ય ઉપરાંત તેના સંસ્કાર અનુબંધી વૃદ્ધિ પામતાં રહે છે. તેથી પંચદસકમ્મ ભૂમિસુ ઉપ્પન્નં સત્તરિ જિણાણ સયં...સવ્વામરપૂઇઅં વંદે. વળી કલ્યાણમંદિર સ્તોત્રની ગાથામાં લખ્યું છે :- ત્વદ્બિમ્બનિર્મલમુખામ્બુજ બદ્ધલક્ષા, યે સંસ્તવં તવ રચયન્તિ પ્રભાસ્વરાઃ સ્વર્ગસંપદો ભુક્ત્વા તે વિગલિતમલ નિચયા, અચિરાન્મોક્ષં પ્રપદ્યન્તે (૪૩-૪૪) તેથી નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ભત્તીઈ વંદે, ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ... મનઃપ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે. વંદનાદિથી ભાવવિભોર બનેલું આપણું હૃદય તેથી વારંવાર જંકિંચિ, જેઅ અઈઆ સિદ્ધા, જાવંતિ ચેઈઆઈં, પાતાલે યાનિ બિંબાની, સકલતીર્થવંદુ વગેરે યાદ કરી વિરમે છે.

ભગવાન મહાવીરસ્વામીના સમયના જે નવ ભવ્ય જીવો આગામી ઉત્સર્પિણીમાં તીર્થંકરો થશે તેમાં આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર તથા ભાવિ પ્રથમ તીર્થંકર પદ્મનાભ (શ્રેણિક મહારાજ) તે બંનેમાં નિમ્નલિખિત આશ્ચર્ય પમાડે તેવી ઘટનાઓ સામ્ય છે :-

(૧) મહાવીર-પદ્મનાભની દેશનામાં સામ્યત્વ

(૨) વિહારભૂમિ ક્ષેત્રસ્પર્શનામાં સમાનતા

(૩) સંપત્તિમાં સામ્યત્વ :- ૧૧ ગણધરો, ૯ ગણો (બંનેને)

(૪) બંનેની વયમાં સમાનતા, બંને ૭૨ વર્ષના

(૫) મહાવીરના સમકાલીન નવ તીર્થંકરો થશે; પદ્મનાભના નવ અણગારો જેવાં કે પઉમ, પઉમગુમ્મ, ણલિણ, ણલિણગુમ્મ, પઉમદ્ધય, ધણુદ્ધય, કણરહ, અને ભરહ થશે. - ઠાણાંગ, અ.૯, સૂત્ર ૬૨૫

ઠાણાંગ અ.૯, સૂત્ર ૬૯૩ પ્રમાણે કૃષ્ણાદિ ભાવિ તીર્થંકરો ચતુર્યામ ધર્મોપદેશ કરે છે. વળી ઠાણાંગ અ.૪, સૂત્ર ૨૬૬ પ્રમાણે મધ્યના ૨૨ તીર્થંકરો તથા મહાવિદેહના તીર્થંકરો ચતુર્યામ ધર્મ પ્રરૂપે છે. સમ. સૂ.૧૫૮માં આગમી ઉત્સર્પિણીના ૨૪ તીર્થંકરોના નામો, તેઓના પૂર્વ ભવના નામો, આ ૨૪ તીર્થંકરોના ૨૪ માતાપિતા, ૨૪ પ્રથમ શિષ્યો, ૨૪ પ્રથમ શિષ્યાઓ, ૨૪ ભિક્ષાદાતાઓ તથા ૨૪ ચૈત્યવૃક્ષો હશે.

ઠાણાંગ અ. ૯, સૂ. ૬૯૩માં જણાવ્યા પ્રમાણે અવસર્પિણીના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર અને ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકર પદ્મનાભના સિદ્ધાંતોમાં સામ્ય છે. જેમકે એકજ આરંભસ્થાન, બે બંધનો, ત્રણ દંડ ચાર કષાયો, પાંચ કામગુણો, છ જીવનિકાય, સાત ભયસ્થાનો, આઠ બ્રહ્મચર્યગુપ્તિ, ભોજન વિષે, પાંચ મહાવ્રતો, પાંચ અણુવ્રતો, સાત શિક્ષાવ્રતો, બાર શ્રાવકધર્મો, શય્યાતર પિંડ, રાજપિંડનો પ્રતિષેધ. આ રીતે આશ્ચર્યકારી અને આહલાદકકારી બંનેનું આવું સામ્ય નોંધપાત્ર તથા વિચારણીય છે ને ! વંદન-નમસ્કારાદિથી કર્મોનો ક્ષયોપશમ થાય છે તેથી અંતમાં નોંધીએ કે :- અનંતચોવિશી જિન નમું, સિદ્ધ અનંતી ક્રોડ; કેવળધર મુગતે ગયા, વંદુ બે કર જોડ.

❑❑❑

# કાંકરો કાઢી નાખવો !

❑ 'સત્સંગી'

નવજીવન શબ્દકોશમાં કાંકરો કાઢી નાખવો એ રૂઢિપ્રયોગના આટલા અર્થ આપ્યા છે :

(૧) ડંખ કે સંદેહ કાઢી નાખવો, ખટકો ટાળવો, (૨) નડતર દૂર કરવી અને (૩) ગણતરીમાં ન લેવું. સામાન્ય રીતે આપણા જીવનવ્યવહારમાં આ રૂઢિપ્રયોગ નડતર દૂર કરવી અને ગણતરીમાં ન લેવું એ બે અર્થોની રીતે વિશેષ પ્રચલિત છે. કોઈનો કાંકરો કાઢી નાખવાની વાત કુટુંબ, પડોશ, મિત્રવર્તુળ, સગાંસંબંધીઓ, સહકાર્યકરો, વિવિધ મંડળો વિવિધ સમિતિઓ, બેઠકો વગેરે સમગ્ર માનવવ્યવહારમાં મહત્વનો ભાગ ભજવે છે એટલું જ નહિ પણ ગંભીર વિચારણાના વિષયની ક્ષમતા ધરાવે છે.

અહીં ખ્વાજા અહમદ અબ્બાસની ટૂંકી ઉર્દૂ વાર્તા યાદ આવે છે. લેખકે પોતે જ આ ઉર્દૂ વાર્તાનું ભાષાંતર અંગ્રેજીમાં કર્યું છે અને તેનું શીર્ષક છે 'The Dumb Cow-મૂંગી ગાય.' આ ટૂંકી વાર્તામાં મુખ્ય પાત્ર છે સુલેખા. જેને તેનાં માબાપ અને સમાજ મૂંગી ગાય ગણે છે. રામલાલ નામનો ખાધેપીધે સુખી ખેડૂત હોય છે. તેને ત્રણ પુત્રો અને ચાર પુત્રી એમ સાત સંતાન હોય છે. સુલેખા બે વર્ષની હતી ત્યારે તેને શીતળા નીકળવાથી તેનાં ચહેરો અને શરીર શીતળાના ડાઘથી કુરૂપ બન્યાં. તાવની ગરમી તેનાં મગજને અસર કરી ગઈ તેથી તે તોતડી પણ થઈ પછી સૌ સુલેખાને ભોળી કહેતા.

રામલાલ તેની બીજી પુત્રીઓને ધામધૂમથી પરણાવે છે. તે તેની બીજી પુત્રી મંગળાને પરણાવે છે ત્યારે ભોળી સાત વર્ષની હોય છે. તે જ વર્ષે ગામમાં છોકરીઓ માટે પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવે છે. રામલાલ ગામનો મહેસુલ ઉઘરાવનાર સરકારી અધિકારી હોય છે. શાળાનું ઉદ્ઘાટન કરવા આવેલા રામલાલના ઉપરી તહેલસીલદાર રામલાલને સરકારના પ્રતિનિધિ તરીકે નિશાળમાં તેની દીકરીઓને મોકલીને દાખલો બેસાડવાનું કહે છે. જ્યારે રામલાલ તેની પત્નીને વાત કરે છે ત્યારે તેની પત્ની ઉશ્કેરાટથી કહે છે કે છોકરીઓ ભણે તો તેને કોઈ પરણે નહિ, માટે ભોળીને મોકલો. રામલાલ ભોળીને નિશાળે બેસાડે છે.

સદ્‌ભાગ્યે શિક્ષિકાબહેન ભોળીને પ્રેમ આપે છે અને પહેલા જ દિવસથી તેનો ભય દૂર કરવાનો પ્રયત્ન કરે છે. તેઓ તેને એક ચિત્રની ચોપડી આપે છે. ભોળી હોંશથી ઘેર જાય છે અને વિચારે છે કે તે બધાંને અદ્‌ભુત નિશાળ અને માયાળુ શિક્ષિકાબહેન વિશે કહેશે, તેમને ચોપડી બતાવશે અને તેમ કહેતાં તે જરા પણ તોતડાશે નહિ. પરંતુ તે ઘેર જાય છે ત્યારે નથી તો તેનો પિતા તેને કંઈ પૂછતો કે નથી તેની મા કંઈ પૂછતી. તેની બહેન ચંપાએ તો તેની સામે પણ જોયું નહિ. આમ બીમારીમાં થયેલી ખોડખાંપણને લીધે પોતાનાં ઘરમાં જ ભોળીનો કાંકરો કાઢી નાખવાની પ્રક્રિયા ચાલતી રહે છે. પછી તો ભોળી બધાંના માથાની નીકળે છે જે માટે આખી વાર્તા વાંચવા જેવી છે.

વાસ્તવમાં પોતાની ગણના થાય, પોતે મહત્ત્વનો છે એમ અન્ય લોકો સ્વીકારે એવી લાગણી માણસમાત્રમાં હોય છે. પોતાના સહકાર્યકરો, સાથીદારો વગેરે તેનો સ્વીકાર કરે તો માણસ એક પ્રકારનો સંતોષ અનુભવે છે જે તેનાં માનસિક સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે. આમ જો ન થાય તો માણસ આઘાત અનુભવે છે અને સમય જતાં તેનાં જીવનમાં નિરાશા આવે છે. પોતે નકામો છે એવી નિષેધવાળી લાગણી માણસ અનુભવે છે. પરિણામે, માણસ સંસ્થા છોડી જાય એવું પણ બને. કુટુંબમાં પણ માણસને આવો અનુભવ થતો જ રહે તો તે ગૃહત્યાગ કરતાં પણ અચકાતો હોતો નથી. આજે સંયુક્ત કુટુંબની સંસ્થા છેક પડી ભાંગી છે, તે માટેનાં ભલે બીજાં કારણો છે, તો પણ અન્યનો કાંકરો કાઢી નાખવાનું માણસનું અપલક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે એ યાદ રાખવું ઘટે. કેટલાક માણસો અન્યનો કાંકરો કાઢી નાખવામાં કુશળ હોય છે. એ ખરેખર એક દુ:ખદ આશ્ચર્ય છે.

કાંકરો કાઢી નાખવો એટલે નડતર દૂર કરવી એ અર્થ જીવનવ્યવહારની દુ:ખદ અને આઘાતજનક બીના સૂચવે છે. જીવનમાં આધ્યાત્મિક કે દુન્યવી પ્રગતિ સાધવા માટે પ્રમાદ-આળસ નડતરરૂપ છે તો આળસને દૂર કરવી એ અનિવાર્ય છે તેમાં કંઈ જ અયોગ્ય થતું નથી. પરંતુ કોઈ માણસ નડતરરૂપ હોય તો તેને દૂર કરવાની વાત ગંભીર બને છે. કોઈ માણસ ધર્મનાં કાર્ય માટે પણ નડતરરૂપ હોય તો તેને કઈ રીતે દૂર કરવો ? તે માણસને સ્થાનભ્રષ્ટ કરવામાં આવે, ગામ, શહેર કે દેશની બહાર કાઢી મૂકવામાં આવે, તેની હત્યા કરવામાં આવે-આટલી રીતે માણસને દૂર કરી શકાય. માણસનું હૃદયપરિવર્તન કરવામાં આવે અને તે દ્વારા તેનામાં રહેલું અનિષ્ટ તત્ત્વ દૂર થાય એ અર્થમાં કાંકરો કાઢી નાખવાનો શબ્દપ્રયોગ થતો નથી. તેવી જ રીતે કોઈ માણસ અધર્મ આચરવા માગે છે પણ તે માટે એક માણસ તેને નડતરરૂપ બને છે, તેથી તે આ નડતરરૂપ માણસનો કાંકરો કાઢી નાખે અર્થાત તેને દૂર કરે. સત્તા માટે, પૈસા માટે, વાસના માટે, પોતાનું પાપ છુપાવવા માટે, પોતાનું માનભર્યું સ્થાન રહે તે માટે કેટલાક ખંધા માણસો નડતરરૂપ બનતા માણસનો કાંકરો કાઢી નાખવા દાવપેચ ખેલતા હોય છે અને હત્યા કરવામાં પણ આંચકો અનુભવતા નથી.

ઔરંગઝેબે બાદશાહ બનવાની પ્રબળ મહત્ત્વાકાંક્ષા પોષવા માટે તેના પિતા શાહજહાંને જેલમાં નાખ્યા અને તેના મોટાભાઈ દારાને એવી રીતે દેશપાર કર્યો કે તેને કોઈ આશ્રય ન આપે જેથી ભૂખ સમેત અનેક કષ્ટો વેઠીને તે મૃત્યુ પામે. બાદશાહ બનવાનો અધિકાર પાટવી પુત્ર તરીકે દારાનો હતો, તેથી ઔરંગઝેબે દારાનો કાંકરો કાઢી નાખીને સત્તા હાથ કરી. તે પોતાનાં અંગત જીવનમાં ધર્મપરાયણ ગણાતો છતાં રાજ્યકર્તા તરીકે તે નિષ્ઠુરતા અને ઘાતકીપણા માટે જાણીતો બન્યો હતો. આવા નિષ્ઠુર, અધર્મી માણસો પાછળથી પસ્તાતા પણ હોય છે. ઔરંગઝેબ માટે એવુંજ બન્યું. એમ નોંધાયું છે કે ઔરંગઝેબે પોતાના ક્રૂર કાર્યો બદલ તેની પાછલી અવસ્થા યાતનાભરી માનસિક સ્થિતિમાં પસાર કરી. તેનું બીજું નામ નરક આપી શકાય. એક ભક્તે ખરેખર યોગ્ય જ કહ્યું છે , 'We are punished not for our sins, but by our sins- અર્થાત આપણને આપણાં પાપો માટે શિક્ષા કરવામાં આવતી નથી, પરંતુ આપણાં પાપો વડે શિક્ષા કરવામાં આવે છે.'

બીજી બાજુથી સમાજમાં એકંદરે શાંતિથી રહેતા અને કામ કરતા માનવસમૂહો પણ છે. તેમાં કુટુંબ, પડોશ, સંસ્થાઓ, ઓફિસો, મિત્રમંડળો સંબંધીઓનું વર્તુળ વગેરેમાં પણ કોઈનો કાંકરો કાઢી નાખવાની પ્રક્રિયા રહેતી હોય છે. દાખલા તરીકે, આવા સમૂહોમાં કોઈ માણસની જાતીયવૃત્તિ સવિશેષ દેખાય તો તેને સમય જતાં સમૂહથી અળગો પાડી દેવામાં આવે છે. તેમાંય જો કોઈની થયેલી સામાન્ય ભૂલની ખબર પડે તો તેને સમૂહમાં આવતાંની સાથે તે ન કોઈને કહી શકે કે ન સહી શકે એવી અકળામણ થાય તેવું વાતાવરણ કરી નાખવામાં આવે છે. તેવી જ રીતે કોઈ વ્યક્તિની કટકી કરવાની ટેવ જાણવામાં આવે, કોઈની ચાડી ખાવાની ટેવની ખબર પડે તો સમૂહના લોકો તે વ્યક્તિને અળગી પાડી દેવામાં આનંદ અનુભવે છે. ગરીબી, પ્રદેશની અલગતા અને તેમાંય ખાસ કરીને પછાત પ્રદેશની વ્યક્તિ હોય, શારીરિક ખોડખાંપણ, વિલક્ષણ સ્વભાવ વગેરે બાબતો પણ કાંકરો કાઢી નાખવાનું નિમિત્ત બને છે. જેમ કે સૌરાષ્ટ્ર અને ગુજરાતના થોડા માણસોના સમૂહમાં એક કચ્છીને જોડાવાનું બને તો તેઓ કચ્છી વ્યક્તિને પછાત પ્રદેશની વ્યક્તિ ગણીને તેનો કાંકરો કાઢી નાખે અર્થાત તેને ગણે નહિ, મહત્ત્વ આપે નહિ. તેવી જ રીતે કચ્છીઓના સમૂહમાં એક વાગડવાસીને જોડાવાનું બને તો તેને સવિશેષ પછાત ગણીને તેઓ તેનો કાંકરો કાઢી નાખે.

કોઈનો કાંકરો કાઢી નાખવાની પ્રક્રિયા સામાન્ય બની ગઈ છે; સ્વાર્થી અને ઘમંડી લોકો તેમાં પાવરધા હોય છે. પરંતુ જે વ્યક્તિનો કાંકરો કાઢી નાખવામાં આવે છે તેને તેઓ કેટલું નુકસાન પહોંચાડે છે તેની તેમને પડી હોતી નથી. જે વ્યક્તિ આવા લોકોને તેમની અપેક્ષા પ્રમાણે નમતી નથી તેને તેઓ તેનો કાંકરો કાઢી નાખવાની શિક્ષા કરે છે. પરિણામે, તે વ્યક્તિનું જીવન આડે પાટે ચડી જવાથી માંડીને વેડફાઈ જાય ત્યાં સુધીની શક્યતા રહેલી છે. ખરેખર આ અમાનુષી કૃત્ય છે. તેથી જ સદ્‌ગત ઉમાશંકર જોશીએ કહ્યું છે, 'કોઈ પણ માણસનો કાંકરો કાઢી નાખતાં પહેલાં વિચાર કરજો કે ઈશ્વર જેવો કલાકાર માણસ જેવા માણસને વેડફે નહિ'. લેખકની માનવતાથી સભર આ અસરકારક વિધાનને આપણા જીવનનો મુદ્રાલેખ બનાવવા જેવું છે. આજ દિવસ સુધી કોઈ વૈજ્ઞાનિક કે શિલ્પી જીવંત માણસને બનાવી શક્યો નથી. માણસની રચના જોઈને નિષ્ણાત ડૉકટરો આશ્ચર્યમુગ્ધ બનતા રહ્યા છે. કાળામાથાના માનવીની કૃતિ નિહાળીને, કલાકારો ઊંડા ભાવથી તેનું સર્જન કરનાર પરમ શક્તિની નત મસ્તકે સ્તુતિ કરે છે. માણસમાં એવી શક્તિ રહેલી છે કે તે દેવ બની શકે છે અને શક્તિ અવળે માર્ગે જાય તો તે રાક્ષસ બને છે. આવા કલાકારને આવો માણસ વેડફવો પરવડે નહિ. દરેક માણસની શક્તિ વિશ્વ માટે ઉપયોગી છે. દરેક માણસને પોતાનું સ્થાન છે. માણસની શક્તિના ઉપયોગથી જગત નંદનવન બની શકે છે. આવા માણસનો કાંકરો કાઢી નાખવામાં આવે ત્યારે તે પોતે નકામો છે એવી લાગણીથી નિરાશ બને છે.

કોઈ પણ વ્યક્તિની ગણના ન કરવી, અવગણના કરવી કે તેને મહત્ત્વ ન આપવું એ હોશિયારીની વાત નથી, પરંતુ તેની પાછળ માનવસ્વભાવનું અજ્ઞાન સંસ્કારિતાનો અભાવ અને અનાવડત રહેલાં

છે. દાખલા તરીકે વીસ માણસોના સમૂહ સાથે મળીને કામ કરે છે. તેનો નેતા કે ઉપરી પ્રત્યેક માણસની વિશિષ્ટ શક્તિનો ખ્યાલ લઈને તેને મહત્ત્વ આપે અને દરેક માણસને ચૈતન્યથી ધબકતો કોડભર્યો માણસ ગણે. તેમજ સૌ પરસ્પર આવો અભિગમ અપનાવે તો તે કામ ઉત્તમ પ્રકારનું બને અને કામ કરનારાઓનાં વિકાસ અને સુખાકારી પ્રત્યેને સંતોષપ્રદ, આનંદપ્રદ અને ગૌરવપ્રદ બને. ખામી તો સૌમાં હોય. કોઈની ખામી ધ્યાન ખેંચે તેવી હોય તેથી તેનો કાંકરો કાઢી નાખવામાં આવે તો તે વ્યક્તિનું જીવન દુ:ખમય બને અને સમૂહ તેની વિશિષ્ટ શક્તિ ગુમાવે. પરિણામે, ઈશ્વર જેવો કલાકાર માણસ જેવા માણસને વેડફે એ સ્થિતિ જોવાની આવે. જે વ્યક્તિનો કાંકરો કાઢી નાખવામાં આવે તે વ્યક્તિ બળવાખોર પણ બને અને સમૂહના ભાગલા પણ સર્જાય. કુટુંબથી માંડીને રાજકીય પક્ષો અને ધર્મસમૂહો સુધી સઘળા માનવસમૂહોમાં ઉગ્ર મતભેદો, એકતાનો અભાવ, કુસંપ, ભાગલા વગેરે માટે અન્યોનો કાંકરો કાઢી નાખવાની પ્રક્રિયા ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે અને કેટલીય વ્યક્તિઓનાં જીવન વેડફાઈ જાય છે. અન્યોનો કાંકરો કાઢી નાખવામાં રસ લેતા લોકો પોતાનો અહમ્ સંતોષે છે અને પોતાનું ગમતું સ્થાન મેળવતા હશે. પરંતુ તેમ થવાથી તેઓ પોતાનું કલ્યાણ કરી રહ્યા છે એમ માની શકાય નહિ અને અન્યનું કલ્યાણ કરવા માટે તેઓ મનગમતું સ્થાન મેળવે છે એમ તેઓ માનતા હોય તો એ તેમની ભૂલ છે. જે ખરેખર સહૃદયી માણસ હોય તે અહમ્ સંતોષવાની રીતે વિચારતો જ નથી, પરંતુ સૌ કોઈ પોતાની શક્તિ ખીલવે અને તે દ્વારા સંતોષ અને સુખાકારી પ્રાપ્ત કરે અને તે અન્યનાં કલ્યાણનું નિમિત્ત બને તેવો તેનો સ્વચ્છ અભિગમ હોય છે; તેને ઉચ્ચ સ્થાન મળે કે ન મળે તે ગૌણ હોય છે. આવા માણસો લોકહૃદયમાં અવશ્ય સ્થાન મેળવે છે અને વિશ્વવંદ્ય પણ બની શકે છે.

વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે માણસ ચડિયાતાપણાનો ખોટો ખ્યાલ, સ્વાર્થીપણા, ભય વગેરેને લીધે અન્યનો કાંકરો કાઢી નાખવા સહજ રીતે પ્રવૃત્ત રહે છે. તો પછી જેનો કાંકરો કાઢી નાખવામાં આવે તેણે પોતાનું જીવન વેડફાઈ જાય એમાંથી તેણે શી રીતે બચવું ? આપણા દેશમાં આઝાદી પછી પ્રશ્નોની હારમાળા વધતી જ ચાલી છે, તેમ વ્યક્તિ માટે અનુકૂલનના માનસિક પ્રશ્નો પણ વધ્યા છે. આજે 'એ નહિ તો એનો ભાઈ બીજો' એ પ્રકારની માણસની કિંમત છે. નોકરીનાં ક્ષેત્રમાં એક જગ્યા માટે સેંકડો અરજીઓ આવે એવી વાસ્તવિક પરિસ્થિતિ થોડા અપવાદો સિવાય છે ત્યાં લાગણીપ્રધાન માણસ કાંકરો કાઢી નાખવાની પ્રવૃત્તિથી વધુ પડતો આઘાત અનુભવે અને તન અને મનની બિમારીનો ભોગ બનવા પામે. તેથી યુવાનો એ વિદ્યાર્થીજીવનથી પરિસ્થિતિનો ખ્યાલ મેળવીને ભાવિ જીવનનો સામનો કરવા માટે સજ્જતા કેળવવી જ પડે. કંઈ નહિ તો છેલ્લી બાકી સહનશીલતા કેળવવાની તીવ્ર જરૂર ગણાય. રાબેતા મુજબનું જીવન જીવવા છતાં માનવસ્વભાવ આ રીતે કામ કરે છે તો તેનાથી આઘાત અનુભવવાનું પરવડે નહિ એવી માનસિક તાલીમ લેતા રહેવાની પાયાની આવશ્યકતા છે.

કાંકરો કાઢનારા લોકો કુશળ હોય છે, તેથી તદ્દન અણધારી રીતે આઘાત અનુભવવાની પરિસ્થિતિ સર્જાય. ડરીને ભાગી જવાથી પ્રશ્ન ઉકેલાતો નથી કે નથી ઉકેલાતો રડતા રહેવાથી. જેવા સાથે તેવા થવાથી સુખદ ઉકેલ આવતો નથી કારણ કે તે હંમેશા પ્રશ્નનો તનાવભરી સ્થિતિ સર્જે છે. જે લોકો કાંકરો કાઢી નાખવામાં રસ લે છે તે તેમનાં અજ્ઞાનને લીધે છે તેથી તેમની માનસિક સ્થિતિ દયાજનક છે. એમ સમજીને તેમને પ્રેમ આપવાનો પ્રયત્ન રાખવો. તેમ કરવાથી તેમનાં હૃદયનું પરિવર્તન થાય પણ ખરું. અંગત રીતે એમ વિચારવું કે આપણામાં 'કંઈક' છે તેથી આપણી ગણના કરવામાં આવતી નથી. આવી સમજથી ગણના ન થવા દ્વારા અનુભવાતા આઘાતનું બળ ઓછું રહેશે. સાથે સાથે એમ પણ વિચારવું કે માણસની ગણનાને આપણે શા માટે જીવનમરણનો પ્રશ્ન ગણવો ? ભગવાન (વિશ્વની પરમ સત્તા) પાસે સૌની ગણના અવશ્ય છે. તો પછી સહૃદયી ફરજપાલનની ગણના કેમ ન હોય ? આઘાતનું બળ ઘટાડનારું આ તર્કસંગત સમાધાન છે. છેલ્લે એવી શ્રદ્ધા રાખવી કે આખરે તો દૈવેચ્છા પ્રબળ છે; માણસ તો એનું નિમિત્ત બને છે. આપણી ગણના ન થતી હોય તો તેમાં આપણું કંઈક 'સારું' જરૂર રહેલું છે. આ 'સારું' હમેશાં રહસ્યમય હોય છે. દૈવેચ્છા હમેશાં આપણા સારા માટે જ છે એવી દૃઢ પ્રતીતિ રહે તો આપણે સાવ હળવા બની જઈએ.

કાંકરો કાઢી નાખવામાં આવ્યો હોય એવી પરિસ્થિતિમાં માણસને એકલા પણું, નૈરાશ્ય, ઉપેક્ષાનો ભય વગેરેની પીડા અનુભવવી પડે છે. આ પીડા શાંત પાડવા માટે વ્યવસાય ઉપરાંત નવરાશના સમયે પોતાના શોખની કંઈક પ્રવૃત્તિ કરવી. ઘડીભર રાગથી કાવ્યો ગાવાનો શોખ હોય તો તે ગાવાં, પણ પોતાના પર જે વીત્યું હોય તેનો જ વિચાર કરતા બેસી ન રહેવું. પોતાનાં શોખની પ્રવૃત્તિમાં ફાવટ આવી જાય તો સમય જતાં ભૂતકાળમાં અનુભવેલી વસમી ઉપેક્ષાને બદલે આપણી ધારણા કરતાં વિશેષ ગણના થવા લાગે અને અનુભવેલી ઉપેક્ષાનો ડંખ વીસરી જવાય. નિરાશ થઈને બેસી રહેવું અને વીતકોને વાગોળ્યો કરવાં કરતાં મનગમતી પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહેવું એ અનેકગણું લાભદાયી છે. કાર્યમાં હળવો કે ભારે ઘા રૂઝવવાની અદ્ભુત શક્તિ રહેલી છે. તેથી કાંકરો કાઢી નાખનારાઓ પ્રત્યે ક્ષમાભાવ રાખીને પોતાનાં વ્યવસાય અને શોખની પ્રવૃત્તિમાં લાગ્યા રહેવાથી નવું જીવન મળવા જેટલો આનંદ અનુભવાશે.

સાથે સાથે સુખશાંતિપ્રદ ધર્મના માર્ગે વળવું. સાધુસંતોના સમાગમથી તનમન શાંત થાય છે. ધર્મગ્રંથો અને સાહિત્યની સુંદર કૃતિઓનાં વાંચનથી આશ્વાસન મળે છે અને સાથે સાથે પોતાની શંકાઓ અને તર્કવિતર્કોનું સમાધાન થાય છે. 'સારું થયું કે કેટલા લોકોએ કાંકરો કાઢી નાખ્યો જેથી ધર્મને રસ્તે વળાયું' એવી લાગણી પણ થાય, તેથી સ્વાભાવિક રીતે જ પોતાનાં વીતકો પર પડદો પડી જાય. પોતાની ગણના નથી થતી એવાં રોદણાં રડનારા લોકો પોતાનું જીવન વેડફતા રહે છે, જ્યારે ધર્મને રસ્તે વળનારાઓમાં આશાવાદ પ્રગટે છે અને પોતાનાં જીવનનો શ્રેષ્ઠ ઉપયોગ થાય છે એવાં ભાનથી અનેરો સંતોષ અનુભવાય છે. આપણે દુનિયાને સુધારી ન શકીએ, પરંતુ પોતાની જાતને સુધારવા માટે કૃતનિશ્ચયી બનવું જોઈએ એવું ધર્મને રસ્તે ભાન થાય છે. પોતાની જાતને સુધારવી એ જ આપણી સઘળી વ્યથાઓ માટેનો યોગ્ય ઉપાય છે.

□□□

## સંઘ સમાચાર

સંઘની આર્થિક સહાયથી ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારમાં રવિવાર, તા. ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ ધામણી મુકામે તથા રવિવાર, તા. ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ ઉંઝરડા મુકામે આંખના દર્દી માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રીઓ

# નીતિવાક્યામૃત

❑ રશ્મિકાન્ત પ. મહેતા

આચાર્ય સોમદેવસૂરિએ પોતાની રચનાઓને અંતે પોતાનો પરિચય આપ્યો છે : દેવસંઘમાં આચાર્ય યશોદેવના શિષ્ય નેમિદેવના શિષ્ય સોમદેવ હતા. નગરી ગંગધારા એમની જન્મભૂમિ હતી. 'સ્યાદ્‌વાદાચલસિંહ,' 'વાક્કલ્લોલપયોનિધિ' વગેરે બિરૂદો એમને પ્રાપ્ત હતાં. કવિશ્વરોમાં એમનું સન્માન હતું. શક સંવત્ ૮૮૧, ચૈત્ર સુદ તેરશના રોજ ચોલ વગેરે શત્રુઓને હરાવીને કૃષ્ણદેવ રાયે મલ્પાટીમાં વિશ્રામ કર્યો હતો. એ વખતે ગંગધારામાં એમના સામન્ત વાગરાજનું શાસન હતું. આ દિવસે સોમદેવે 'યશસ્તિલકચમ્પૂ' પૂર્ણ કર્યું. આ પહેલાં એમની ત્રણ રચનાઓ હતી. 'યશ.' પછી એમણે 'નીતિવાક્યામૃત'ની રચના કરી.'

દક્ષિણભારતના સમ્રાટ રાઠોડ રાય કૃષ્ણદેવ રાયનું એક તામ્રપત્ર મેલપાટીમાં ૯ માર્ચ ઈ. ૯૫૯ના રોજ લખાયું છે એના સભાકવિ પુષ્પદન્તે ઈ. ૯૫૯માં અપભ્રંશમાં 'મહાપુરાણ'ની રચના કરેલી. બંનેમાં સમ્રાટના વિજયનો નિર્દેશ છે. હૈદરાબાદ પાસે ના પરભણીના ઈ. ૯૬૬ના તામ્રપત્રથી જણાય છે કે વાદ્યગે ગંગધારામાં શુભધામ જિનાલય બંધાવેલું. સોમદેવને તેની વ્યવસ્થા સોંપેલી. આ જિનાલયના-જીર્ણોદ્ધાર માટે એમને વાદ્યગના અનુગામી સામન્તે એક ગ્રામ દાનમાં આપેલું. શ્રી દેવની 'યશસ્તિલકપંજિકા (શ્લોક-૨)'ને આધારે જણાય છે કે સોમદેવ બહુશાસ્ત્રજ્ઞ હતા. એ. બેરિદલે કીથની પ્રશંસા છે કે 'નીતિવાક્યામૃત'ને સોમદેવની આ બહુશાસ્ત્રજ્ઞતાનો લાભ મળ્યો છે. કવિ ભારે સ્વાભિમાની છે. એમણે જણાવ્યું છે કે મેં એવી રીતે સારસ્વત રસનો ઉપભોગ કર્યો છે કે અનુગામી કવિઓ નિ:સંદેહ ઉચ્છિષ્ટભોગી જ હોવાના. કવિની ત્રણ રચનાઓ પ્રકાશિત છે : 'યશ.', 'નીતિ.' અને 'અધ્યાત્મ તરંગિણી' રચનાક્રમ પણ આ રીતે જ છે.

'નીતિ.'માં ૩૨ સમુદ્દેશ (= અધ્યાય)માં ૧૫૨૫ સૂત્રો છે. રાજનીતિ એનો પ્રમુખ વિષય છે. તેથી ત્રણ પુરુષાર્થ, મંત્રણા, દંડનીતિ, સ્વામી, અમાત્ય, પુરોહિત, સેનાપતિ, ગુપ્તચર, દુર્ગ, કોશ, મિત્ર, સેના, સદાચાર, વિવાદ, યુદ્ધ વગેરે તેના વિષયો છે આ ગ્રંથની એક સંસ્કૃત ટીકામાં આનું પ્રયોજન આપ્યું છે.-'કાન્યકુબ્જના મહારાજ મહેન્દ્રદેવને પોતાની સમયના નીતિશાસ્ત્રીય ગ્રંથો દુર્બોધ લાગતા હતા; તેથી સોમદેવને તેમણે કોઈ સરળ ગ્રંથ રચવાનો આદેશ આપ્યો. સોમદેવે આ આદેશનું પાલન કરીને રચના કરી.'

'યશ.-૩'માં કવિએ આ ક્ષેત્રના પોતાના પુરોગામીઓનો પોતાના ગુરૂ તરીકે ઉલ્લેખ કર્યો છે, તે આ મુજબ છે-શુક્ર, વિશાલાક્ષ, પરીક્ષિત, પરાશર, ભીમ, ભીષ્મ, ભારદ્વાજ વગેરે, પં. કાશીપ્રસાદ જયસ્વાલ આ સંદર્ભે 'નીતિ.' વિષે યથાર્થ અભિપ્રાય આપે છે. 'આમાં પ્રાચીન આચાર્યોની અનેક ઉત્તમ સામગ્રીનો સમાવેશ છે. આ સૂત્રોને આ જૈન ગ્રંથકાર 'રાજનૈતિક સિધ્ધાન્તોનું અમૃત' કહે છે, અને એમનું આ કથન એકદમ યોગ્ય પણ છે.'

શ્રી કૃષ્ણમાચાર્યિરનું વિધાન છે કે 'નીતિ.'માં ચાણક્યનાં 'અર્થશાસ્ત્ર'નું અનુસરણ છે. આ અભિપ્રાય સર્વાંશે સત્ય નથી. કૌટિલ્યની પ્રજ્ઞા સૂક્ષ્મગ્રાહિણી છે; સોમદેવની સારગ્રાહિણી. 'અર્થ.'ની જેમ અહીં દુર્ગનું પ્રકારોસહિતનું વિવરણ નથી. રાજાઓના કપટપૂર્ણ વ્યવહારને સ્થાને સોમદેવ રાજાઓ પાસે સદાચારી અને નૈતિક આચરણની અપેક્ષા રાખે છે. સ્મૃતિગ્રંથોની જેમ, તે દિવ્યપ્રયોગની ભલામણ કરે છે; 'અર્થ.'ની જેમ મંત્રણાની નહિ. તેના પર જૈન દર્શનનો પ્રભાવ થોડો છે. રાજાને માટે તે તપસ્વી આચરણનો વિરોધ કરે છે અને એ માટે એ ચાર્વાકની પ્રશંસા કરે છે. રાજાનું પ્રથમ કર્તવ્ય પ્રજામાં વર્ણાશ્રમધર્મો જળવાય તે જોવાનું છે, એમ તે માને છે.'કામંદક નીતિસાર' કરતાં તેની પાસે સ્ફૂર્તિ અને તાજગી વિશેષ છે. વિંટરનિત્સનો અભિપ્રાય સાચો છે કે સોમદેવની ભાષાશૈલી 'અર્થ.' અને 'કામ.'થી વિશિષ્ટ છે. અહીં સૂત્રો છે! એમ કહેવા કરતાં એમ કહેવું ઉચિત છે કે અહીં 'નાનાં નાનાં અર્થસઘન વાક્યો' છે. એ. કે. વૉર્ડર 'નીતિ.'ને 'એ હેન્ડબુક ઑફ પોલિટિક્સ' કહે છે. પરંતુ માત્ર રાજા જ નહિ, કોઈ પણ પ્રકારનો મનુષ્ય-પછી તે રાગી હોય કે વિરાગી-આ ગ્રંથને કારણે વ્યવહાર કુશળ બનીને પોતાની સંસારયાત્રાનો સુખદ નિર્વાહ કરી શકે છે.

'નીતિ.'ની કેટલીક 'રત્નકણિકાઓ' આ પ્રમાણે છે : (૧) ત્રણેય પુરુષાર્થનું એક સરખું સેવન કરવું. (૨) જે દેવ પ્રત્યે શ્રધ્ધા હોય, તેની પ્રતિષ્ઠા કરવી. (૩) અપ્રામાણિકતા કાયમ નથી ચાલતી. કાષ્ઠપાત્રમાં એકવાર જ રસોઈ થઈ શકે. (૪) પરાક્રમ નહિ કરતા રાજાનું શાસન વણિકના હાથમાં ખડ્‌ગ જેવું છે. (૫) બધા લોકો બીજાનાં ઘરોમાં જ વિક્રમાદિત્ય હોય છે. (૬) વગર વિચાર્યે કશું ન કરવું. (૭) વાણીની કઠોરતા શસ્ત્રપ્રહાર કરતાં ચડિયાતી છે. (૮) રાજા પોતે જ ચોરો સાથે ભળી જાય, તો પ્રજાનું કલ્યાણ ક્યાંથી થવાનું ? (૯) અધિકારીઓ ઉપર વિશ્વાસ કરવો એટલે બિલાડીને દૂધ સોંપવું. (૧૦) ધન હોય તે જ મહાન છે, કુલીન છે. (૧૧) સુખની જેમ દુ:ખને પણ જાણે, તે મિત્ર. (૧૨) નમ્રતા પરાક્રમનું આભૂષણ છે. (૧૩) રાજાનું પરસ્ત્રીગમન એટલે દેડકાંનો સર્પગૃહપ્રવેશ. (૧૪) શુક્ર, મલ, મૂત્ર અને અપાનવાયુના વેગને રોકવાથી પથરી, ભગન્દર, ગુલ્મ અને અર્શ થાય છે. (૧૫) માણસ દુ:ખમાં હોય ત્યારે જ ધાર્મિક બને છે. (૧૬) સન્યાસીઓ પણ ધનિકની ખુશામત કરે છે. (૧૭) બજારું ખોરાક અને પરસ્ત્રીમાં આસ્વાદ કેવો? (૧૮) રાજા પાસે આસુરી વૃત્તિ ન હોય, તો રાજ્ય શોભે. (૧૯) શત્રુને વિશ્વાસમાં લેવા સત્ય ના શપથ લેવા. (૨૦) પિતા ધનિક હોય તો કન્યા પતિને પણ તુચ્છ માને. (૨૧) કાર્ય શરૂ થયા પછી તેની વિચારણા કરવી એટલે માથું મૂંડાવ્યા પછી શુભનક્ષત્ર પૂછવું. (૨૨) મિત્ર માટે ઈન્દ્રની જેમ અનુકૂળ અને શત્રુ માટે યમની જેમ પ્રતિકૂળ હોય તે રાજા. (૨૩) રાજા મૂરખ હોય એના કરતાં ન હોય તે સારું. (૨૪) ચાર્વાક દર્શનને જાણતો રાજા રાજ્યમાંથી કાંટા ઉખેડી નાખે છે. (૨૫) રાજા પોતે જ ધન લૂંટતો રહે તો દુષ્કાળ પડે. સમુદ્ર જ જો તરસ્યો રહે તો દુનિયામાં પાણી કેવું ? (૨૬) રાજા જો પોતાની સાથે હોત તો ઘેટું પણ સિંહ થઈ જાય. (૨૭) કાર્ય સિધ્ધિ સુધી મંત્રનું રક્ષણ કરવું. (૨૮) આગ લાગે ત્યારે કૂવો ન ખોદાય. (૨૯) જે થોડું ખાય છે, તે વધુ ખાય છે. (૩૦) ચાણક્યે અપ્રગટ દૂતપ્રયોગથી નંદને માર્યો; તેવું સાંભળ્યું છે. (૩૧) માધવપિતાએ દૂર રહીને પણ કામંદકીપ્રયોગથી માધવને માલતીની પ્રાપ્તિ કરાવી. (૩૨) એકવાર વનપ્રદેશના કૂવામાં વાનર, સાપ, સિંહ અને પ્રાચ્યવિદ્ પડી ગયા. કાંકાયન નામના મુસાફરે તેઓને બહાર કાઢ્યા. પરંતુ નગરી વિશાલામાં પ્રાચ્યવિદ્ દ્વારા બધા જ મરણ પામ્યાં.

સહાયક ગ્રન્થ

૧. शास्त्री सुन्दरलाल–यशस्तिलकचम्पू, पूर्वखन्ड

૨. मालवीय (आचार्य) रामचन्द–नीतिवाक्यामृत

૩. शास्त्री (पं.) कैलाशचन्द–उपासकाध्ययन

૪. Keith A. B.-A history of Sahskrit Literature

૫. Krishamacariyar M.-History of classical Sahskrit Literture

૬. Wihterhif Maurice-History of Indian Literature vol. - 3

૭. Warder A. K.-Indian Kavya Literature vol.-5

❑❑❑

# જૈન સાહિત્ય : એક છબી

❑ મુનિશ્રી 'વાત્સલ્યદીપ'

જૈન સાહિત્યમાં અસંખ્ય પુસ્તકો છે. પ્રભુ મહાવીરના સમયથી આજસુધીમાં અનેક મહાન જૈનાચાર્યોએ, સર્જકોએ સંખ્યાબંધ પુસ્તકો રચ્યાં છે. આચાર્યશ્રી ઉમાસ્વાતિ વાચકે ૫૦૦ ગ્રંથ રચ્યાં છે. શ્રી હરિભદ્રસૂરિ એકલાએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વિપુલ સાહિત્ય રચ્યું છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય મહારાજે ૧૦૮ મહાન ગ્રંથો લખ્યાં છે. આવા અનેક જ્ઞાની મહાત્માઓએ અસંખ્ય પુસ્તકો લખેલાં છે. હિંદુઓમાં ગીતા મુખ્ય મનાય છે. મુસલમાનોમાં કુરાને શરીફ મુખ્ય મનાય છે. ખ્રિસ્તિઓમાં બાઈબલ મુખ્ય મનાય છે. એમ જૈન ધર્મમાં આગમો એ જૈન ધર્મનું પરમ પવિત્ર અને પ્રમાણભૂત સાહિત્ય છે. એને સૂત્ર, શાસ્ત્ર, સિદ્ધાંત કે નિર્ગ્રંથ પ્રવચન એવા નામે પણ ઓળખવામાં આવે છે. આગમોની સંખ્યા પહેલાં ૮૪ની હતી. હાલ ૪૫ની છે. આ પિસ્તાલીસ આગમોમાં પ્રથમ આગમ-અંગ આચારાંગસૂત્ર છે, જેમાં સાધુઓનાં શુદ્ધ આચાર અને વિચારોનું સૂક્ષ્મ અને સૂત્રમય વર્ણન છે. આ એકજ મહાગ્રંથને કદાચ આપણે જૈન સાહિત્યના અતિટૂંકસારરૂપ પણ ગણી શકીએ. આમ, આચારાંગસૂત્ર એ આપણા જૈન સાહિત્યનું મુખ્ય પુસ્તક કે ગ્રંથ માની શકાય. ટૂંકું સૂત્રાત્મક હોવાથી તેના અનેક સૂત્રોનાં અસંખ્ય અર્થ તારવી શકાય છે.

ભગવાન મહાવીર 'ઉપ્પેઈ ધુવેઈવા વસ્સઈવા' એ ત્રણ જ શબ્દમાં સંસારના સમગ્ર સમ્યગ્ જ્ઞાનનો સાર જણાવે છે. સ્ત્રી બાળકો વગેરે પણ સમજી શકે તેવી (જૈન) અર્ધમાગધી ભાષામાં તેઓ ઉપદેશ આપતા. એમના મુખ્ય શિષ્યો-ગણધરો ભગવાન મહાવીરના આ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવે છે અને બીજા તેને મુખપાઠ કરી લે છે. તેમના દીર્ઘાયું મહાજ્ઞાની શિષ્યા સુધર્માસ્વામીએ એ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવ્યો. એના બાર ભાગ છે અને દરેક ભાગ અંગ કહેવાય છે.

❑ **૪૫ આગમો :**

૧ : ૧૧ અંગ ૨ : ૧૨ ઉપાંગ ૩ : ૧૦ પયન્ના ૪ : ૬ છેદસૂત્ર ૫ : ૨ સૂત્ર અને ૬ : ૪ મૂળ સૂત્ર

❑ **૧૧ અંગ :**

૧ : આચારાંગ ૨ : સૂત્રકૃતાંગ ૩ : સમવાયાંગ ૪ : ઠાણાંગ ૫ : વિવાહપ્રજ્ઞપ્તિ અથવા ભગવતીજી ૬ : જ્ઞાનાધર્મકથા ૭ : ઉપાસકદશા ૮ : અંતકૃતદશા ૯ : અનુત્તરોપપાતિક દશા ૧૦ : પ્રશ્ન વ્યાકરણ ૧૧ : વિપાક સૂત્ર અને ૧૨ : દૃષ્ટિવાદ

બારમુ અંગ વિચ્છેદ જવાથી હાલ ૧૧ અંગો જ મળી શકે છે.

❑ **૧૨ ઉપાંગ :**

૧ : ઔપપાતિક ૨ : રાજપ્રશ્નીય ૩ : જીવાજીવાભિગમ ૪ : પ્રજ્ઞાપના ૫ : જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ૬ : ચંદ્રપ્રજ્ઞપ્તિ ૭ : સૂર્ય પ્રજ્ઞપ્તિ ૮ : નિરયાવલિયાઓ ૯ : કલ્પાવતંસિકા ૧૦ : પુષ્પિકો ૧૧ : પુષ્પચૂલિકા ૧૨ : વૃષ્ણિદશા

❑ **૧૦ પયન્ના :**

૧ : ચતુઃશરણ ૨ : સંસ્તાર ૩ : આતુરપ્રત્યાખ્યાન ૪ : ભક્ત પરિજ્ઞા ૫ : તંદુલવૈચારિક ૬ : ચંદ્રાવેધ્યક ૭ : દેવેન્દ્રસ્તવ ૮ : ગણિવિદ્યા ૯ : મહાપ્રત્યાખ્યાન ૧૦ : વીરસ્તવ

❑ **૬ : છેદસૂત્ર**

૧ : નિશીથ ૨ : મહાનિશીથ ૩ : વ્યવહાર ૪ : દશાશ્રુતસ્કંધ ૫ : બૃહત્કલ્પ ૬ : જીતકલ્પ

❑ **૨ સૂત્ર :**

૧ : નંદી સૂત્ર ૨ : અનુયોગદવાર

❑ **૪ મૂળસૂત્ર :**

૧ : આવશ્યક-ઓઘનિર્યુક્તિ ૨ : દશવૈકાલિક ૩ : પિંડ-નિર્યુક્તિ ૪ : ઉત્તરાધ્યયન

❑ **આગમોમાં કયા કયા વિષયોની ચર્ચા છે ?** આચારાંગ એ પહેલું છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય વગેરે આચારો તથા ગોચરી, વિનય શિક્ષા, ભાષા, અભાષા, સદ્વર્તન, ક્રિયા વગેરેનું વર્ણન છે. બીજુ અંગ સૂત્રકૃતાંગ છે. એમાં લોક, અલોક, લોકાલોક જીવ, સમય તથા ૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી તથા ૩૨ વિનયવાદી-એમ ૩૬૩ મતોનું ખંડન કરી અનેકાન્તિક મંતવ્ય રજૂ કર્યું છે. સ્થાનાંગ સૂત્રમાં જીવ, સમય, લોક તથા ભૂગોળની સ્થાપના છે. સમવાયાંગમાં એકથી આરંભી ૧૦૧ સંખ્યાવાળા પદાર્થોનો નિર્ણય ને દ્વાદશાંગીનું સ્વરૂપ બનાવ્યું છે. વ્યાખ્યા- પ્રજ્ઞપ્તિ સૂત્રનું બીજું નામ ભગવતીસૂત્ર છે. જીવાદિનું તલસ્પર્શી વિવેચન છે. જ્ઞાનાધર્મકથામાં દરેક કથાનાયકનું જન્મભૂમિથી મોક્ષ સુધીનું વર્ણન છે. ઉપાશકદશામાં શ્રમણોપાસકના જીવનો છે. અંતકૃદ્દશામાં મોક્ષગામીઓનાં જીવનો છે. પ્રશ્ન વ્યાકરણમાં પૂછાતા વિદ્યામંત્રો, અપૂછાતા વિદ્યામંત્રો, મિશ્રપૂછાતા વિદ્યામંત્રો અંગુષ્ઠાદિના પ્રશ્નો, વિદ્યાતિશયો, દેવો સાથેના દેવી સંવાદો છે. વિપાકસૂત્રમાં સુખ-દુઃખનાં કારણોની ચર્ચા છે. બારમું અંગ દૃષ્ટિવાદ છે, પણ તે હાલ નાશ પામ્યું છે.

એકલા સુધર્માસ્વામીએ જ બધા આગમો લખ્યા નથી. ચોથું ઉપાંગ પ્રજ્ઞાપના શ્રી શ્યામાચાર્યે રચેલું છે. ચતુઃશરણસૂત્ર શ્રી વીરભદ્રગણીએ રચેલું છે. બીજા પયન્ના રચનારાનાં નામ હજુસુધી જણાયાં નથી. છેદસૂત્રોમાં પહેલાં બે સિવાય બાકીના ભદ્રબાહુસ્વામીએ રચ્યાં છે. મહાનિશિથ મૂળ ગણધર ભગવાન સુધર્મસ્વામીએ રચેલું, પણ તેનો ઉદ્ધાર શ્રી હરિભદ્રસૂરિએ કર્યો છે. નંદિસૂત્ર શ્રી દેવવાચકગણિએ રચ્યું છે. દશવૈકાલિકસૂત્ર શ્રી શયંભવસૂરિએ રચ્યું છે. પિંડનિર્યુક્તિ શ્રી ભદ્રબાહુસ્વામીએ રચી છે.

સ્મરણશક્તિ ઘટવાથી સાધુઓ સૂત્રો વિસરવા લાગ્યા. તેથી પાટલીપુત્રમાં શ્રી ભદ્રબાહુસ્વામીના વખતમાં શ્રી શ્રમણસંઘ એકઠો થયો અને જેને જે અંગાદિ યાદ હતું તે બધું એકઠુ કરી લીધું. ત્યારપછી લગભગ પાંચસો વર્ષે આર્યસ્કંદિલાચાર્યે સૂત્રોનો અનુયોગ (વ્યાખ્યા) કર્યો. એ વખતે જે સૂત્રોનાં વ્યાખ્યાનો થયાં તેને માથુરી વાચના કહે છે. એ પછી વીર સંવત ૯૮૦માં દેવર્ધિગણિ ક્ષમા શ્રમણે વલ્લભીપુર (વળા)માં એક પરિષદ ભરીને તેમાં જૈન આગમોના સિદ્ધાંતો પુસ્તકારૂઢ થયા. અર્થાત્ પહેલા વહેલા લખાયા. એ વલ્લભીવાચના કહેવાય છે. એની અનેક નકલો ઉતારવામાં આવી ને તેનો ઠામ ઠામ પ્રચાર કરવામાં આવ્યો. આજે એ ૪૫ આગમો મળી શકે છે. સુરતની શ્રી આગમોદય સમિતિ તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા તે છપાઈ ગયાં છે. હવે તો તેમાંથી ઘણાં આગમોનો ગુજરાતી તથા અન્ય ભાષામાં અનુવાદ પણ થયો છે. આ આગમોમાં અનેક વિષયોનું જ્ઞાન સમાયેલું છે. આજે પ્રાકૃતમાં ફેરફાર થઈ અનેક ભાષાઓ બની છે. આપણે હાલ મૂળ પ્રાકૃત ભાષા બરોબર સમજી શકાતી નથી. પણ આ ગ્રંથો સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ, તામીલ, અંગ્રેજી, જર્મન વગેરે ભાષાઓમાં મળે છે.

આગમો સિવાય જૈનતત્ત્વજ્ઞાનનાં ખાસ ગ્રંથોમાં તત્ત્વાર્થાધિગમસૂત્ર સહુથી સુંદર ગ્રંથ છે. એના ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. એ સિવાય શ્રી હરિભદ્રસૂરિનું ષડ્દર્શનસમુચ્ચય, શ્રી જિનભદ્રક્ષમાશ્રમણનું વિશેષાવશ્યક ભાષ્ય, શ્રી અનંતવીર્યનું પરીક્ષાસૂત્ર લઘુવૃત્તિ, પ્રમાણનયતત્ત્વાલંકાર શ્રી મલ્લિસેનની સ્યાદ્વાદમંજરી અને શ્રીગુણરત્નની તર્કરહસ્યદીપિકા પણ જૈન તત્ત્વજ્ઞાનનાં સુંદર ગ્રંથો છે. તત્ત્વજ્ઞાન અને ન્યાયને ઊંડે સંબંધ હોવાથી એ બંને વિષયોનાં ગ્રંથો જુદા પાડવા કેટલીક વખત મુશ્કેલ પણ બની જાય છે.

❑ જૈન ન્યાયના મહાન લેખકો અને તેમની કૃતિઓ :

| | |
|---|---|
| ૧ : શ્રી સિદ્ધસેન દિવાકર | (૧) સન્મતિતર્ક (૨) ન્યાયાવતાર |
| ૨ : શ્રી મલ્લવાદીસૂરિ | (૧) દ્વાદશારનયચક્ર (૨) સન્મતિની ટીકા |
| ૩ : શ્રી હરિભદ્રસૂરિ | (અનેકાંતજયપતાકા), લલિતવિસ્તરા (૩) ધર્મસંગ્રહણી |
| ૪ : શ્રી અભયદેવસૂરિ | (૧) સન્મતિતર્ક પર મહાટીકા |
| ૫ : શ્રી વાદીદેવસૂરિ | (૧) સ્યાદ્વાદરત્નાકર |
| ૬ : શ્રી હેમચંદ્રાચાર્ય | (૧) પ્રમાણમીમાંસા (૨) અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા |
| ૭ : શ્રી યશોવિજયજી | (૧) જૈન તર્ક પરિભાષા (૨) દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા (૩) ધર્મપરીક્ષા (૪) નયપ્રદીપ (૫) નયામૃતતરંગિણી (૬) ખંડખંડ ખાદ્ય (૭) ન્યાયલોક (૮) નયરહસ્ય (૯) નયોપદેશ (૧૦) અનેકાંતવ્યવસ્થા (૧૧) તત્ત્વાર્થસૂત્ર વૃત્તિ |
| ૮ : શ્રી ગુણરત્નસૂરિ | (૧) ષડ્દર્શનસમુચ્ચય વૃત્તિ |
| ૯ : શ્રી ચંદ્રસેન | (૧) ઉત્પાદસિદ્ધિપ્રકરણ |
| ૧૦ : શ્રી ચંદ્રપ્રભસૂરિ | (૧) પ્રમેયરત્નકોષ: |
| ૧૧ : શ્રી પદ્મસુંદરગણિ | (૧) પ્રમાણસુંદર |
| ૧૨ : બુદ્ધિસાગર | (૧) પ્રમાલક્ષ્મલક્ષણ |
| ૧૩ : શ્રી મુનિચંદ્ર | (૧) અનેકાંતવાદ જયપતાકાટિપ્પન |
| ૧૪ : શ્રી રાજશેખર | (૧) સ્યાદવાદકલિકા |
| ૧૫ : રત્નપ્રભસૂરિ | (૧) રત્નાકરાવતારિકા |
| ૧૬ : શ્રી શુભવિજયજી | (૧) સ્યાદવાદભાષા |
| ૧૭ : શ્રી શાંતિસૂરિ | (૧) પ્રમાણપ્રમેય કલિકાવૃત્તિ |

દિગંબરોમાં પણ ન્યાય ઉપર લખનારા ઘણા પંડિતો થયા છે.

❑ યોગ અને અધ્યાત્મના ગ્રંથો : યોગબિન્દુ, યોગદષ્ટિસમુચ્ચય, યોગવિંશિકા, યોગશાસ્ત્ર, યોગશતક, યોગસાર, સમાધિશતક, પરમાત્મપ્રકાશ, સમભાવશતક, ધ્યાનશતક, ધ્યાનસાર, ધ્યાનદીપિકા, ધ્યાનવિચાર, અધ્યાત્મ ઉપનિષદ, અધ્યાત્મબિન્દુ, અધ્યાત્મતરંગિણી, અધ્યાત્મગીતા, અધ્યાત્મકલ્પદ્રુમ, જ્ઞાનાર્ણવ વગેરે.

❑ કર્મસાહિત્ય : તેના મુખ્ય ગ્રંથો કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, પ્રાચીન પાંચ કર્મગ્રંથો, નવીન છ કર્મગ્રંથો, સંસ્કૃત ચાર કર્મગ્રંથો, કર્મસ્તવ વિવરણ વગેરે છે. એના પર ઘણી ટીકાઓ રચાયેલી છે.

❑ સાહિત્યગ્રંથો : સાહિત્યગ્રંથોમાં જૈનોનો ફાળો ઘણો મોટો છે. વ્યાકરણ, કોશ, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, કાવ્ય, નાટક, કથા પ્રબંધ વગેરે સાહિત્યના બધા વિભાગો પર આપણા આચાર્યોએ લખ્યું છે. પાણિનીના સંસ્કૃત ભાષાના વ્યાકરણની હરિફાઈ કરનાર સિદ્ધહેમ વ્યાકરણ શ્રી હેમચંદ્રાચાર્યે રચ્યું છે. એના છેલ્લા અધ્યાયમાં પ્રાકૃત, અપભ્રંશ વગેરે ભાષાનાં વ્યાકરણો પણ લખ્યાં છે. શાકટાયનનું વ્યાકરણ તો ઘણા વખતથી પ્રસિદ્ધ છે. પૂજ્યપાદ દેવનંદિનું જૈનેદ્ર વ્યાકરણ પણ મધુર છે. એ સિવાય બુદ્ધિસાગરાચાર્યે બુદ્ધિસાગર વ્યાકરણ, જ્ઞાનવિમળગણિએ શબ્દ પ્રતિ ભેદ વ્યાકરણ, ને શ્રી વિદ્યાનન્દસૂરિએ સિદ્ધસારસ્વત વ્યાકરણ રચ્યું છે. પ્રાકૃત ભાષાનાં બીજા પણ અનેક વ્યાકરણો જૈનાચાર્યોએ રચ્યાં છે. તામીલ અને કાનડી ભાષાના મૂળ વ્યાકરણો જૈનાચાર્યોથી જ રચાયાં છે. ને ગુજરાતી ભાષા પર તો સૈંકડો વર્ષ સુધી એકલા હાથે જૈનોએ જ પ્રભુત્વ ભોગવ્યું છે. કાવ્યની સંખ્યાનો સુમાર નથી. અનેક કાવ્યો ઉપરાંત દ્વિસંધાનકાવ્ય, ત્રિસંધાનકાવ્ય, અને છેક સપ્તસંધાનકાવ્ય એટલે જેના શ્લોકમાંથી સાત સંબંધવાળા અર્થ નીકળે ને સાતના જુદા જુદા જીવન સમજાય તેવાં પણ રચ્યાં છે. એક અષ્ટલક્ષી નામનો ગ્રંથ છે. તેમાં એક શ્લોકના આઠ લાખ અર્થો કર્યા છે. શ્રી હેમચંદ્રાચાર્યે છંદશાસ્ત્ર તથા અલંકાર પર સ્વતંત્ર ગ્રંથો રચ્યાં છે. શ્રી વાગ્ભટે પણ કાવ્યાલંકાર નામે અલંકારશાસ્ત્ર રચ્યું છે. શ્રી અમરચંદસૂરિએ કવિશિક્ષાવૃત્તિ, કવિકલ્પના, છંદ રત્નાવલિ, કલાકલાપ વગેરે ગ્રંથો રચ્યાં છે. શ્રી નમિસાધુએ પ્રખ્યાત કાવ્યાલંકાર પર ટીપ્પણ રચ્યું છે. શ્રી નરેન્દ્રપ્રભસૂરિએ અલંકાર મહોદધિ બનાવ્યો છે. શ્રી માણિક્યચંદ્રસૂરિએ કાવ્યપ્રકાશસંકેત બનાવ્યો છે. અને કોશની રચનામાં તો શ્રી હેમચંદ્રાચાર્યે હદ કરી છે. અભિધાનચિંતામણી, અનેકાર્થ કોશ, દેશીનામમાલા, નામશેષ, નિઘંટુ એ એ બધા એમણે એકલાએ જ રચ્યાં છે, ઉપરાંત સટીક ધાતુપાઠ, સટીક ધાતુપારાયણ ધાતુમાલા, લિંગાનુશાસન વગેરે સંસ્કૃત ભાષાશાસ્ત્રમાં મહત્ત્વના ગ્રંથો રચ્યાં છે. ધનંજય કવિએ ધનંજય નામમાળા બનાવી છે. શ્રી હર્ષકીર્તિજીએ શારદીય નામમાલા રચી છે. બીજાઓએ પણ ઘણું કર્યું છે.

❑ મહાકાવ્યો : ઘણા તીર્થંકરોનાં ચરિત્રો શિષ્ટ કાવ્યોમાં લખાયેલાં છે. શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી નેમિનાથ ચરિત્ર, શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, શ્રી વાસુપૂજ્ય ચરિત્ર વગેરે ઘણાં કાવ્યો છે. એ સિવાય શ્રી અભયદેવસૂરિએ જયંત વિજય મહાકાવ્ય લખ્યું છે. શ્રી અમરચંદસૂરિએ પદ્માનંદભ્યુદય મહાકાવ્ય તથા બાળભારત મહાકાવ્ય રચ્યાં છે. ઉદયપ્રભસૂરિએ ધર્માભ્યુદય મહાકાવ્ય રચ્યું છે. કવિશ્રી જયશેખરસૂરિએ જૈન કુમારસંભવ કાવ્ય લખ્યું છે. શ્રી દેવપ્રભસૂરિ મલ્લધારીએ પાંડવચરિત્ર મહાકાવ્ય બનાવ્યુ છે. શ્રી ધનંજય મહાકવિએ રાઘવ પાંડવીયમહાકાવ્ય (દ્વિસંધાન મહાકાવ્ય) રચ્યું છે. શ્રી નયનચંદ્રસૂરિએ હમ્મીર મહાકાવ્ય તથા પદ્મચંદ્રજીએ ધન્નાભ્યુદય મહાકાવ્ય લખ્યું છે. વળી પદ્મસુંદરગણિએ રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય તથા પાર્શ્વનાથ કાવ્ય રચ્યાં છે. તથા માણિક્યચંદ્રસૂરિએ પાર્શ્વનાથ ચરિત્ર તથા નલાયન કાવ્યની રચના કરી છે. શ્રી હેમચંદ્રાચાર્યે પણ ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત તથા દ્વયાશ્રય નામનાં મહાકાવ્ય લખ્યાં છે. એ સિવાય બીજાં પણ ઘણાં કાવ્યો છે. ખંડ કાવ્યો, સ્તોત્ર અને સ્તુતિઓનો તો પાર જ નથી.

❑ નાટકો : રઘુવિલાસ, નલવિલાસ, રાઘવાભ્યુદય, સત્ય હરીશચંદ્ર, કૌમુદીમિત્રાનંદ, નિર્ભયભીમવ્યાયોગ (કર્તા, શ્રી હેમચંદ્રાચાર્યના પ્રખ્યાત શિષ્ય શ્રી રામચંદ્ર) હમીર મદમર્દન (કર્તા, જયસિંહ) રંભામંજરી (કર્તા, નયચંદ્રસૂરિ) મોહપરાજય (કર્તા, યશપાલ) મુદ્રિત કુમુદચંદ્ર, પ્રબુદ્ધ રોહિણેય, દ્રૌપદી સ્વયંવર, ધર્માભ્યુદય વગેરે.

❑ કથાઓ : સંસ્કૃત, પ્રાકૃત ને ગુજરાતી ભાષા જૈન કથાઓથી ભરપૂર છે. એમાં શ્રી હેમચંદ્રાચાર્યનું ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર તથા પરિશિષ્ટ પર્વ, શ્રી પાદલિપ્તાચાર્યની તરંગલોલા, દાક્ષિણ્ય ચિન્હ, ઉદ્યોતનસૂરિની કુવલયમાલા શ્રી ભદ્રેશ્વરસૂરિની કથાવલી, વસુદેવહિંડી, શ્રી હરિભદ્રસૂરિની સમરાઈચ્ચકહા, શ્રી સિદ્ધર્ષિગણિની ઉપમિતિભવપ્રપંચ કથા, શ્રી ધનપાલ કવિની તિલકમંજરી, વગેરે મુખ્ય છે. આપણા આચાર્યોના હાથે પંચતંત્રનાં અનેક સંસ્કરણ થયા છે. કથાકલ્લોલ, સિંહાસનબત્રીશી, વૈતાલપચીસી, શુકસપ્તતિ વગેરે વગેરેનાં પણ ઘણાં સંસ્કરણો થયાં છે. એ ઉપરાંત રાસ અને જીવનચરિત્રો ઘણાં જ છે. એકલા ગુજરાતી ભાષામાં જ સાતસો ઉપરાંત રાસ છે. અને પ્રબંધની રચનામાં પણ જૈનો આગળ પડતા છે. શ્રી મેરુતુંગાચાર્યે પ્રબંધ

ચિંતામણિની રચના કરી છે. શ્રી રાજશેખરસૂરિએ ચતુર્વિંશતિ પ્રબંધ રચ્યો છે. શ્રી પ્રભાચંદ્રસૂરિએ પ્રભાવકચરિત લખ્યું છે. શ્રી ભટ્ટેશ્વરાચાર્યે પુરાતન પ્રબંધ સંગ્રહ, મહાકવિ રામચંદ્રે સો પ્રબંધો લખ્યા છે. આમ જૈનોના કથા અને પ્રબંધગ્રંથો પણ ઘણા જ છે.

❑ **કલા અને વિજ્ઞાન ઉપરના આપણાં ગ્રંથો :** શિલ્પશાસ્ત્ર, સંગીત, ધનુર્વિદ્યા, અશ્વપરીક્ષા, ગજપરીક્ષા, પક્ષીવિજ્ઞાન, રત્નપરીક્ષા, રસાયણ, આયુર્વેદ, ખગોળ, જ્યોતિષ વગેરે પર સારી સંખ્યામાં ગ્રંથો છે. એટલું જ નહીં પણ આજે વિશ્વજ્ઞાન કોશની રચના થાય છે, તેવી રચના પણ થયેલી છે. શિલ્પશાસ્ત્રની નિપુણતા જૈનોના અનેક ભવ્ય પ્રાસાદો જોતાં જણાઈ આવે છે. એ વિશે જૈન વિદ્વાન ઠક્કર ફેરુએ વાસ્તુસાર ગ્રંથ લખ્યો છે. વાસ્તુશાસ્ત્ર નામનો ગ્રંથ ભોજદેવે લખ્યો છે. સિવાય પ્રાસાદમંડન વગેરે ઘણા ગ્રંથો છે. શ્રી પાર્શ્વદેવ નામના જૈનાચાર્યે સંગીતસમયસાર તથા બીજા એક આચાર્યે સંગીત રત્નાકર લખી એ વિષયમાં નામના મેળવી છે. એ સિવાય સંગીતદીપક, સંગીત રત્નાવલિ વગેરે ગ્રંથો પણ રચાયાં છે. રત્નપરીક્ષા નામનો એક ગ્રંથ ફ્રાંસના એક ઝવેરીએ ફ્રેન્ચ ભાષામાં અનુવાદ કરી થોડાં વર્ષ પહેલાં બહાર પાડ્યો છે. હીરક પરીક્ષા, સમસ્ત રત્નપરીક્ષા વગેરે ગ્રંથો પણ આ વિષયમાં મોજુદ છે. ધનુર્વેદ ધનુર્વિદ્યા, અશ્વાદિગુણ, ગજપરીક્ષણ, પક્ષીવિજ્ઞાન વગેરે ગ્રંથો પણ જુદા જુદા ભંડારોમાંથી મળી આવ્યા છે. ઠક્કર ફેરુએ સિક્કાઓ વિશે અગત્યનો ગ્રંથ લખ્યો છે. મંત્રતંત્ર વિષે ઘણું લખાયું છે. મંત્રો વિષે અગત્યનો ગ્રંથ વિદ્યાનુશાસન નામે છે તે જૈનાચાર્યની જ રચના છે. વળી, મંત્ર વિષયના જુદા જુદા ઘણા કલ્પો રચાયા છે. ભૈરવપદ્માવતી કલ્પ, શંખાવર્ત કલ્પ, વગેરે અનેક છે. સૂરિમંત્ર કલ્પ એ એક આમ્નાય કલ્પ છે તે પણ સાધુઓના ગચ્છો મુજબ જુદા જુદા રચાયેલા મળે છે. જ્યોતિષમાં ભદ્રબાહુ નામથી ભદ્રબાહુસંહિતા છે. હર્ષકીર્તિએ જ્યોતિષ સારોદ્ધાર નામનો ગ્રંથ રચ્યો છે જેમાં તારાઓ સંબંધી ઘણું ઊંડું જ્ઞાન છે. વળી એમાં સ્વપ્ન, મંત્ર અને બીજી ગુપ્ત વિદ્યાઓનું વર્ણન છે. એ સિવાય આરંભસિદ્ધિ, અર્ઘકાંડ, ચંદ્રરાજ, ચક્રવિવરણ જાતકદીપિકા જ્યોતિષસાર સંગ્રહ, ભુવનદીપક વગેરે અનેક ગ્રંથો છે. રત્નાચાર્ય નામના જૈન સાધુએ રત્નસૂત્ર નામે ૧૩૦૦ ગાથાનો ગ્રંથ લખ્યો છે. જેમાં વરસાદ, ધરતીકંપ, વીજળી અને એવા અનેક વિષયોનાં પૂર્વલક્ષણો બતાવ્યા છે. વૈદકમાં પણ અનેક ગ્રંથ છે, જેવાં કે આયુર્વેદ મહોદધિ ચિકિત્સાત્સવ, દ્રવ્યાવલિ (નિઘંટુ), પ્રતાપ કલ્પગ્રંથ, માધવરાજ પદ્ધતિ, યોગરત્નાકર, રત્નસાગર, રસચિંતામણિ, વૈદક સારોદ્ધાર વગેરે. ગણિતના અનેક ગ્રંથો પૈકી શ્રી મહાવીરાચાર્યે ઈ.સ.ના નવમાં સૈકામાં રચેલ ગણિતસારસંગ્રહનો તો અંગ્રેજી અનુવાદ પણ થઈ ચૂક્યો છે. નિમિત્તશાસ્ત્રમાં તો જૈનાચાર્યો એ પોતાના અનુભવોનો ખજાનો લોકહિત માટે ખુલ્લો મૂકી દીધો છે. અંગવિદ્યા નામનો એક પ્રાચીન ગ્રંથ એ વિષે ઉપયોગી માહિતી આપે છે. દુર્ગદેવે રિષ્ટસમુચ્ચય નામનો ગ્રંથ બનાવ્યો છે. વિજ્ઞાનકોશની જેમ વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશ નામનો ગ્રંથ બનાવ્યો છે. તેમાં સાતસો ગ્રંથની તો શાખ આપેલી છે. ગ્રંથની અંતે તે તે આચાર્યોએ પોતાની પ્રશસ્તિઓ આપેલી હોય છે, જેમાં તેમના ગુરુઓ અને તે સમયના રાજાઓ, મંત્રીઓ, ગૃહસ્થો અને તેમણે કરાવેલાં શુભ કાર્યોની નોંધ પણ આપી હોય છે. તે પ્રશસ્તિઓ ઈતિહાસ માટે ઉપયોગી પુરવાર થાય છે એવી જ રીતે એ પુસ્તકોની અંતે લેખન સમયની પણ પ્રશસ્તિઓ હોય છે. તે પણ ઘણી માહિતી આપે છે. આ પ્રશસ્તિઓ શિલાલેખ જેટલી જ પ્રામાણિક મનાય છે.

આ લેખમાં થયેલી સમગ્ર ચર્ચા જૈન ધર્મની શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરાને સંલગ્ન છે. ❑❑❑

# પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ
# તથા
# શ્રી મુંબઈ જૈન યુવક સંઘના
# સંયુક્ત ઉપક્રમે
# પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી વર્ષની ઉજવણી
## વ્યાખ્યાનોનો કાર્યક્રમ

૧૯૯૩-૯૪નું વર્ષ શ્રી પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી વર્ષ છે. શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે સ્વ. પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી વર્ષ ઊજવવાનું નક્કી થયું છે. તે અનુસાર વ્યાખ્યાનોનો બે દિવસનો નીચે મુજબનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

### બુધવાર, તા. ૧લી ડિસેમ્બર, ૧૯૯૩

❑ પ્રથમ વ્યાખ્યાન : શ્રી યશવંત દોશી
❑ વિષય : પરમાનંદ કાપડિયા-એક વિલક્ષણ પ્રતિભા
❑ બીજું વ્યાખ્યાન : શ્રી હરીન્દ્ર દવે
❑ વિષય : પરમાનંદ કાપડિયા-એક વિલક્ષણ પ્રતિભા
પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
સંચાલન : શ્રી ચીમનલાલ જે. શાહ

❀ ❀ ❀

### ગુરુવાર, તા. ૨જી ડિસેમ્બર, ૧૯૯૩

❑ પ્રથમ વ્યાખ્યાન : ડૉ. ઉષાબહેન મહેતા
❑ વિષય : સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનો ફાળો
❑ બીજું વ્યાખ્યાન : શ્રી નારાયણ દેસાઈ
❑ વિષય : સંપૂર્ણ લોકક્રાંતિની વિભાવના
પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
સંચાલન : શ્રી ચીમનલાલ જે. શાહ
❑ સ્થળ : ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર હૉલ, ચર્ચગેટ, મુંબઈ -૪૦૦ ૦૨૦.
❑ સમય : બંને દિવસે સાંજના ૬-૦૦ કલાકે

સર્વને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

| | |
|---|---|
| નિરુબહેન એસ. શાહ | રમણલાલ ચી. શાહ |
| પ્રવીણચંદ્ર કે. શાહ | સૂર્યકાંત છો. પરીખ |
| મંત્રીઓ | મેનેજિંગ ટ્રસ્ટીઓ, |
| શ્રી મુંબઈ જૈન | પરમાનંદ કાપડિયા |
| યુવક સંઘ | સ્મારક નિધિ |

સુબોધભાઈ એમ. શાહ
સંયોજક

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ઓલિયા સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.